પ્રેમ ઘેલો.



શ્રી પરમાત્માને નમઃ

પ્રેમ-ઘેલો.

યાને

પ્રેમથી પીડાતો પંથી.

કર્ત્તા—

ગોવિંદલાલ બાલાભાઇ ચોકસી

મ. રા. જા. ની પરવાનગીથી છપાવી પ્રસિધ કર્તા
મંગળદાસ જોઇતારામ. શાહ બુકસેલર
રીચીરોડ—અમદાવાદ.

અમદાવાદ—પાનકોરના નાકે મન... પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે, છાપી.

આવૃત્તિ ૪ થી. સને ૧૯૨૧ પ્રત ૪૦૦૦.
મુલ્ય ફક્ત આઠ આના.

શ્રી પરમાત્માને નમઃ

પ્રેમ-ઘેલો.

યાને

પ્રેમથી પીડાતો પંથી.

પ્રકરણ ૧ લું.

મહિલાનું રમ્યભુવન.

દોહરો.

પ્રેમ માટે ભટકતો પ્રેમરાય ભેર જોશ,
ચિઠ્ઠી લખતો પ્રેમથી મનમાં આણી હોંશ.

જગ જાહેર સુરત શેહેર જેવા શેહેરમાં શોભામણા રોડ ઉપર નાનાવટ જેવી નાજુક અને નીચી સડક ઉપર રંગીલા રમ્ય-ભુવનમાં રસિક રમણી ગુલાબની કળી જેવી મન મોહીની મહિલા ઝરૂખામાં આનંદથી ઝુલતી હતી અને પ્રફુલિત હિંમતી મનમાં મલકતી હતી તેનો ચેહેરો ચંદ્રમા સરિખો સફેત દીસતો હતો.

તેના ગાલ ગુલાબ ગોટા સરીખા હતા. તેનું કપાળ ચકચકાટ તેજ મારતું હતું તેના માથાના વાળ કાળા શ્યામ અને નાગની ફેણી બરોબર હતા તેણે ખુબી બંધ તેલ નાંખી માંથામાં સીધો સેંથો પાડેલો હતો તેથી તે વાળ આગળથી ગુચ્છા જેવા માલુમ પડતા હતા. તેના દંત સફેદ દાડમકળીથી પણ વધારે શોભાયમાન દેખાય તેવા હતા તેના હસ્ત કોમળ અને સુંવાળા રેશમ સરીખા માલુમ પડતા હતા. તેના પગની પાની સફેદ ચાંદી જેવી દેખાતી હતી તેનું આખું બદન તદન પાતળું સોટા માફક અતિ શુશોભિત દેખાતું હતું તેના નાકે તાંજી મારેલી સોનાની ચુની ઝકઝકાટ સોભાયમાન દેખાતી હતી તેના કાને હીરા જડીત્ર એરીંગ ઝબકી રહ્યાં હતાં તેના કોમળ હસ્તમાં હાથી દાંતનો ઇંગ્લીશ પંખો શોભી રહ્યો હતો અને તે પંખા વતી આનંદથી હવા ખાતી હતી તેના હસ્તને વિષે તારા-મંડળની બંગડીયો અને સોનાની તાંજી મારેલી બંગડીઓ ઘણીજ શોભા આપી રહી હતી તેણે ગુલાબી રંગની રેશમના કોરી સાડી પો-તાના અંગ ઉપર ધારણ કરી હતી તેનું માથું તદન ખુલુ હતું તેણે કેશરના ટુકડા જેવી કેશરી રંગની ચુસ્ત કાંચળી ભભકાથી પહેરેલી હતી તેના પગે જલેબી ભાતના ઇંગ્લીશ સાંકળા ઘણીજ શોભા આપી રહ્યાં હતાં તના ચાલવાના પગે મુખમલની ઝીક ટીકી ભરેલી સપાટી પહેરેલી હતી તેની સાડીની પાટલીના ડાબા પડખે કુચીઓનુ લુમખું લટકી રહ્યું હતું; તેની પાસે પાનદાનીઆનો ચાંદીનો દાબલો પડેલો હતો તેમાંથી હરે વખતે પાન સોપારી આનંદથી ખાતી હતી અને જમીનપર રેફથી પીચકારીઓ મારતી હતી આંવી મનમોહિની મહિલા આ ઝરૂખામાં પ્રફુલ્લિત ચેહેરાથી બેઠેલી હતી આ મનમોહિની

"મહિલા" નારન્ય સ્થળથી દશેક ઘરના છેટે એક ફાંકડો તેમજ પ્રેમને વશ પ્રેમરાય રહેતો હતો આ ઝરૂખાથી અને પ્રેમરાયના ઝરૂખાથી ઘણી ખુશીની સાથે એક નજર થઇ શકતી હતી તેથી પ્રેમને વશ થયેલો ફાંકડો "પ્રેમરાયે" આ મન મોહિની 'મહિલાને' પ્રેમની ઇશારત કરવા સારૂ દરરોજ માથામાં અત્તરો ઘાલી તેમજ અસંખ્ય ઘરેણું પહેરી વાજાની પેટીપર બેશી ગાયન વગાડવાના બ્હાને પોતાના ઝરૂખામાં રોફ મારી બેસતો આ મનમોહિની "મહિલા" આ વખતે પોતાના ખાનગી કારણ સર ઘણીજ હર્ષમાં હતી તેથી પોતે કપાળે તેમજ માથા ઉપર તેમજ પોતાના બદન ઉપર તેમજ પોતાના ગાલ ઉપર પોતાના હસ્ત ફેરવતી તેથી તે પ્રેમ વશ થયેલો "પ્રેમરાય" વાજુ વગાડતા વગાડતાં તેની તરફ નીહાળતો અને તેનીજ તરફ જોઇ વાજુ વગાડતો હતો. તેવામાં મન મોહિની "મહિલા" એ અચાનક કપાળમાં હાથ ફેરવ્યો હતો અને કાંઇક કારણ સર તેની નજર આ 'પ્રેમરાય" વાળા મકાનના તરફ ગઇ હતી એટલે આ કામી "પ્રેમરાય" પોતાના અંતઃકરણમાં એમજ સમજ્યો કે આ ઇશારત તેને મનેજ કરી છે તે તેમ સમજ્યો હતો છતાં પણ આ મન મોહિની "મહિલાને" તો તે તરફનું જરા પણ ભાન નહોતું છતાં પણ પ્રેમને વશ થયેલો "પ્રેમરાયનો" એમજ સમજ્યો કે તેણે મને પ્રેમ બતાવ્યો માટે લાવ હું પણ તેને પ્રેમથી સલામ કરૂં તેમ ધારી તેણે પણ ઇશારત માફક કપાળે હાથ ફેરવી સલામ કરી પોતાનું અંતકરણ ખુશી કર્યું આ વખતે પ્રેમને વશ થયેલા "પ્રેમરાયને" "મહિલા" વિષે રૂપિએ ચાર આની ભરોંસો લાગ્યો કે હવે તે મહારાથી જરૂર પ્રેમ કરસે તેમ ધારી તેણે પોતાનું વાજું એકદમ બંધ કર્યું અને નીચેપ્રમાણે પ્રેમ પત્રીકા લખવી શરૂ કરી.

આહા !!! પ્રભુ કામી પુરૂષો દુનિયામાં સદા કાળ આમજ રહે છે શું તેઓને ફક્ત પોતાના પ્રેમ શિવાય બીજુ ભાન હોતુંજ નથી અહા !! કેવી શરમ ભરેલી વાત આ અક્કલના ભંડારે પોતાના હૃદયમાં ધારી છે બીચારી પવિત્ર "મહિલા" ને તો બીલકુલ ખબરજ નથી તે તો તદ્દન આ વાતથી નિર્દોષ છે છતાં કામી માણુસ કામ માટે કેવાં પગલાં ભરવા તેયારીઓ કરે છે પરંતુ મુર્ખાઓ એમ નથી સમજતા કે આગળ શુ થશે પારકી સ્ત્રીને પત્ર લખવાથી આગળ શું પરીણામ આવશે તેમ પોતાના ભવીષ્યનો આગળ વિચાર બીલ-કુલ નથી કરતા અને ફક્ત આંધળાની માફક થઇ જઇ એકદમ કુવામાં કુદકો મારે છે અને ભવિષ્યને બાજુપર મુકીદે છે જેવી રીતે કે,

કવિતા.

પ્રેમ માટે પારકાની પુત્રીઓને પત્ર લખી
પોતે રોફ મારી પછી લાલચ દેખાડે છે
જયારે કોઇ જુએ ત્યારે પોતે ધારે નથી જોયું
એવા એવા વિચારો તે મન માંહી લાવે છે.
આંખો છતાં અંધ બની સઘળાને અંધ દેખે
પછી જારકર્મ માટે જગ અથડાય છે
જયારે પસ્તાવો પામે ત્યારે શોક ધરે પોતે
પછી પાછો વિસારી તે વિષ્ટા ખાવા જાય છે
આવા કંઇક મુર્ખ જનો ખોટી આશા રાખીપોતે
આબરૂને છીની મુકી મર્ણ પાસ આવે છે
એવાજનો કોઇ કાળે નવ ફાવે કહું ખરી
માટે ભજો પ્રેમ ભાવે પ્રભુ છે એ ખરો છે

આ પ્રમાણે કેટલાક મુર્ખ છકેલા માણસો પોતાના અંતઃકરણમાં એમ ધારે છે કે મને કોઇ દેખાતું નથી એમ પોતે આંખો છતાં અંધ બની આડે રસ્તે દોરાય છે તેમ આ "પ્રેમરાય" દોરાયો હતો તેથી ચીઠી લખવા માટે વિચાર કરવા લાગ્યો.

વારૂ, ચીઠી લખીશ પણ હું મોકલાવીશ કોની સાથે તેને તાકીદથી કોણ આપી આવશે, ઠીક છે એક વખત બરાબર ગોઠવીને લખવા દે પછી થઇ પડશે એમ ધારી ચીઠી લખવી શરૂ કરી.

વ્હાલી, "મહિલા" રસિલી "મહિલા" રંગીલી "મહિલા" છબીલી "મહિલા" મોહિની "મહિલા" નાજુક "મહિલા" લટકાળી "મહિલા" અને આ ત્હારા પ્રેમી પ્યારાને વશ કરનારી "મહિલા"

ત્હારા પ્રેમ કટાક્ષથી હું વીંધાઇ ગયો છું, તારા મોહક ચહેરાથી લોભાઇ રહ્યો છું ત્હારા ગુલાબ કાળી જેવા ગુલ બદનપર હું મોહી રહયો છું ત્હારા ચુસ્ત પોશાકપર હું અંજાઇ ગયો છું. વ્હલી, તેં પ્રેમથી આ રસિલાને સલામ કીધી તેથી મ્હારા બદનપર લોહીપર લાલી ચઢી આવ્યું છે વ્હાલી ત્હારી અને મ્હારી એકત્ર નજર થવાથી હું થાઉં છું મ્હારાથી પણ તને વિશેષ હર્ષ ઉત્પન થયો હશે, પ્યારી આટલો બનાવ બન્યો છે તેથી હું સંતોષ થયો નથી માટે જો કદાચ તું મને એકાંત સ્થળમાં મળશે તો કેટલાક ખુલાસો થશે મેં મ્હારા પિતાજીને મર્મ વાક્યમાં ત્હારી સાથે મ્હારા લગ્ન કરાવવા સુચવ્યું છે એટલે હું ધારું છું આપણને

ફક્ત થોડાજ વખતને માટે હરકત પડશે માટે તું પણ તાહારા પિતાજીને અગર તો ત્હારી માતાજીને તેમ થવા સુચવજે કે જેથી છુપી મેહેનત કરવી તદ્દન જતીજ રહે અને આખી જીન્દગી આનંદમાં જાય. વ્હાલી, તુરે મળવાની ખાતર અત્યંત ઇલાજો શોધુછું પરંતુ વૃદ્ધ વડીલોની ધાકથી એકદમ બની શકતું નથી હું ધારૂછું ત્હારે પણ ત્હારાં વૃદ્ધ માતાપિતાની દેહેશત વધારે હશે તોપણ સબંધ થવા પ્રયત્ન તો જરૂર યોજજે વ્હાલી, તાહારો પેમ આ કોમલ હૃદયથી જરા પણ વીસરતો નથી, તાહારી પેમ દ્રષ્ટી મહારાપર છે તેથી સેહેજ આનંદમય લાગે છે. તેવીજ રીતે જ્યાં સુધી આપણો મેળાપ ન થાય ત્યાં સુધી નેણ ઇસારત તેમજ સલામ કરવા તેમજ ત્હારૂં પ્યારૂં મુખ દેખાડવા કદી ચુકીશ નહિ હું તને એક ઘડી ભર જોતો નથી તો મ્હારૂં અંતકરણ ભ-રાઇ આવે છે ત્હારા વિના દુન્યાપરની સઘળી ચીજો વિખ સમાન લાગે છે, ત્હારાથી મને સદાકાળ આનંદ ઉપજે છે ત્હારો અને મ્હારો પ્રેમ કદી ન જોડાયો હોત તો આ ત્હારો ફાંકડો “ પ્રેમરાય” તદન બહાવરો બની જાત. માટે વ્હાલી આ દુર વશેલા દોસ્તની ખાતર ગમે તે બહાનું સોધી કાઢી મને આવી જરૂર મળ કે જેથી આ ત્હારો અધીરો પ્રેમી શાન્ત થાય. વ્હાલી સાંભળ

હતો હું સુતો પારણે—એ રાહ.

રંગિલિ ઝરૂખે ખડી ખંત રાખી
મળ્યાં નેણ જ્યારે સહ્યો મન રાખી
ઝુલાવી [illegible] તેં મને સાન આપી
તેથી હું થયો મગ્ન આનંદ ભારી

હતું ચિત તારામાં હે પ્રાણ પ્યારી
રહ્યું છે હૃદય શાન્તીમાં નિત્ય વારી
પછી મેં કરી અળગી વાજાની પેટી
તું સાંન કરતી વળી મગ્ન બેઠી.

પછી મેં લખ્યો પત્ર પ્રિતે કરીને
સહ્યા સંકટો પ્રેમના પંથ રહીને
પ્રિયા પ્રેમ માટે ભટકતો હું ભોગી
નહિ પ્રેમ થાતો તો થઇ જાત જોગી

પ્રભુની કૃપાયે થયો પ્રેમ ખાશો
હવે થાય લગ્ન તો ખાશો ખુલાશો
વિનંતિ કરી તુજ માતાને ભાખે
જતીરે તે ચિન્તાં પ્રભુ લાજ રાખે

સયનમાં જરી કે ને ભુલું હું તુજને
તો નવ મળતી તું બાળા હે મુજને
પ્રિયા પ્રેમ માટે થતો હર્ષ ઘેલો
એકાન્તે મળી મર્મ ચક્ષુને બ્હેલો

પ્રિયા પ્રેમ માટે પડયા દુખ ભારી
મળ્યા વિણુ અધીરાઇ છે મંનજારી
લખું શું વધારે લખી લેખ ઝાઝો
કરી યત્ન પ્રેમીને મળવાને ગાજો

લખો સ્થળ મળવાનું નિશ્ચે કરીને
તો થાયે ખુલાસો ત્યાં ચિતે મળીને

નહિ પત્ર આવે તો રહે ધીર નાહિં
અધીરો ન કરતી તું બાળા હે કાંઈ
પ્રભુએ કર્યું જોડલું જુક્તિ રાખી
ન પાડો કદી ખોડ ખંતજ રાખી
ખુલાસો ખરાં ખંતથી ઝટ કાહાવો
મળીને તમે લ્યોને પ્રીતીનો લાહાવો

લી૦

તને ચાહનાર.

ફાંકડા પ્રેમરાયના.

સલામ.

આ પ્રમાણે પત્ર અને કવિતા લખી વિચાર કરવા લાગ્યો પત્ર તો લખ્યો પણ હવે તેને શી રીતે આપવો ? હાથો હાથ તો અપાય નહિ. માટે બીજું કાંઇ નહિ એક વખત હું અહિંથી પત્ર તેને બતાવી દઉં એટલે તે સાંનમાં જરૂર સમજશે પછી તેના નોકરને ગમે તે યુકિતથી ફોડી આપીશ, તો તે તેને આપશે એટલે હું જરૂર ફાવી જઇશ એમાં જરા પણ વાંધો નહિ આવે, નોકરને લાલચ આપીશ અને તે વખતે દસની નોટ તેના હાથમાં મુકી દઇશ એટલે પછી વાંધો નહિ આવે. એમ ધારી લખેલો પત્ર બે આગળીઓની વચમાં ધાલી છજેથી જાણે કે આ-જસ ખાતો ન હોય તે માફક થઇ જઇ " મહિલા "ને બતાવવા પોતાનો હાથ ઉચો કર્યો આ પ્રમાણે લગભગ તેણે અર્ધો કલાક કરી રાખ્યું છતાં પવિત્ર " મહિલા "ને તો જરા પણ તે વિષે ભાન

નહોતું છતાં તે પ્રેમમાં લપટાએલો પ્રેમરાય તો એમજ સમજ્યો કે તેણે પત્ર બરાબર જોઈ લીધો છે હવે તે જરૂર લેશે તેમ તેણે પોતાના અંતઃકરણમાં ધાર્યું હતું વળી તેને વિશેષ ખાત્રી થવાનું કારણ એવું બની આવ્યું કે "મહિલા" પોતાના ગાલ ઉપરથી તણખલું કાઢવાની ખાતર તે ગાલ ઉપર હાથ ફેરવતી હતી તે ઉપરથી અક્કલનો ખજાનો ખાસ એમજ સમજી ગયો કે તેણે મને એક ચતુરાઇ ભરી સાન કરી માટે લાવ એકદમ નીચે જઈ મારા ચાકર સાથે તેના ચાકરને બોલાવું અને તેને સમજાવી લલચાવી કામ કાઢી લઉ તેમ ધારી તે એકદમ હર્ષભેર નીચે ઉતરવા લાગ્યો નીસરણીએથી ઉતારતાં ચાર પગથીઆં પ્રેમના જોસમાં ભુલી ગયો તેથી કુદકા મારી નીચે ઉતર્યો અને પોતાના નોકરને પોતાની પાસે બોલાવી કહ્યું.

રામા જા ઇશ્વરલાલના ઘર આગળ જઇ તેમના નોકરને ચુપકી રીતે મારી પાસે બોલાવી લાવ.

રામો—કેમ શેઠ હું હાજર છું અને તેનું શું કામ પડ્યું છે.

પ્રેમરાય—તું તારે હું કહું તેમ કરને તને શું પંચાત પડી છે મારે જરા તેનું ખાનગી કામ છે તું શું કરશે તારા બાપનું કપાળ તારામાંને તેનામાં તો રૂપિએ સોળ આની ફરક છે જોઉં છું જોઉં તું તેને કેવી ચુપકી રીતે તેડી લાવે છે, તારી પરીક્ષા એટલા પરથીજ થઈ જશે, ચાલાકી હશે તો તને મારે કામ પણ સોંપીશું અને બીજા પાસે નહિ કરાવીએ અને તને પગાર વધારે આપીશું માટે જા એક વખત આ કામ ચાલાકીથી કરી આવ પછી સઘળું જોઇ લેવાશે સમજ્યો ?

રામો—જી હા સમજ્યો એવી રીત બોલાવી લાવું કે તેમનું

ધરતો શું પણ આખો મેહેલ્લો પણ નહિ જાણે તેવી રીતે બોલાવી લાવીશ આપ બે ફીકર રહો.

પ્રેમરાય—વારુ જલદી જા.

આ પ્રમાણે વાત ચીત કરી રામો લાલચનો માર્યો હુશીઆરીની સાથે ઇશ્વરલાલના ઘરમાં ગયો અને તેમના નોકરને એવી યુકતી રચી બોલાવ્યો કે જાણે આખા ઘરના માણસોમાંથી કોઇને વ્હેમ બીલકુલ પડ્યો નહિ રામો ત્યાંથી તે નોકરને સાથે લઇ પોતાના શેઠને ઘેર આવ્યો અને ઇશ્વિરલાલના નોકરને શેઠ પાસે જવા કહ્યું એટલે તે નોકર પ્રેમરાય પાસે ગયો અને બોલ્યો.

કેમ શેઠ સાહેબ આ દાશને શો હુકમ છે.

પ્રેમરાય—અરે ? તારાથી કામ થશે ?

નોકર—જી ઘણી ખુશીથી જે હોય તે ફરમાવો સર્વે કામ કરવાને તૈયાર છું કામ છે જરા કહેશો.

પ્રેમરાય—જો તને તારા શેઠાણી સાથે વાતનો પ્રસંગ છે. નોકર બોલ્યો.

"જી હાં ઘણી ખુસીથી મારે તેમની સાથે બોલવાનો ઘણો સારો સંબંધ છે વળી તેમના કરતાં તેમની દીકરીની સાથે બોલવાનો અને સાધારણ રીતે વાત કરવાનો પણ સંબંધ મારે સારો છે. (સ્વગત) આ ભાઇ લાગે છે કામાતુર માટે અહિં તો તોપ મારવા જેવો ઘાટ છે માટે એઇ વાતમાં નાક પાડવી નહી અને હાએ હા કહે જવું એમ ધારી બોલ્યો કેમ હજુર ! કાંઇ આપને કામ છે અમારી શેઠાણીને કાંઇ કહેવું છે, જો કહેવું હોય તો હું તેમને કહી તમારી ખબર મોકલું." પ્રેમરાય બોલ્યો.

" અરે કામ તો કાંઈ નથી (સ્વગત) મારે તારી શેઠાણીને શું શેવી છે મારે તો તેની દીલદાર દીકરીનું કામ છે પણ આંના ગોઢે વાત કરવી કે નહિ ? માણસ છે તો ચતુર વળી તે પોતાની એજ બોલી ગયો કે, મારે તેમની દીકરી સાથે ઘણી સારી રીતે વાતચીત થાય છે. માટે એક વખત તેને લાલચમાં લપટાવવો જોઇએ એમ ધારી પોતાના ગજ્યામાંથી તેને પાકીટ લાવવા કહ્યું એટલે તે નોકરે તેના જાકીટના ગજવામાંથી પાકીટ લાવી તેના હાથમાં મુકી દીધું, પછી "પ્રેમરાયે" તે ખોલી તેમાંથી દશ રૂપિઆની નોટ તેના હાથમાં મુકી દીધી એટલે નોકર મનમાં સમજી ગયો કે આને કોઈ પણ બાબતની લાલચ છે માટે આમાંથી સારૂ કામ થશે એમ તે નોકરે પોતાના અંતઃકરણમાં ધાર્યું હતું એટલે શેઠને તે બોલ્યો.

" કેમ શેઠજી કામ કાંઇ નથી કહીને રહી ગયા કહોને ખુશીથી કહો હું તો આપનોજ નોકર છું, મારી જરાપણ ફીકર રાખશો નહિ. તમારી વાત જાયતો તમારા જ સમ છે. " પ્રેમરાય બોલ્યો.

" ત્યારે સાંભળ આ કાગળ " મહિલા " ને આપવાનો છે જો તું આપી શકીશ. નોકર બોલ્યો.

" ઘણી ખુશીથી શા માટે નહિ આપું એમાં તે શું મોટું કામ હતું. બશ આવુંજ કામ છે આ કામ તો ઘણુંજ હલકું છે કાંઇ ભારે કામ હોય તોપણ બતાવજો, આ દાસ અડધી રાત્રે માથુ આપવા તૈયાર છે સમજ્યા મારા મેહેરબાન." શેઠ બોલ્યાં

"બશ હાલમાં તો એજ કામ છે આગળ કામ ઘણું પડશે માટે

પછી તને ભારે કામ બતાવીશ, પણ આ કાગળ શું કહીને તું તેને આપીશ ? ”

“ પ્રેમરાય ભાઇએ આપ્યો છે. એમ કહીશ. ” શેઠ બોલ્યા.

“ એમ કહે જે કે આજે જે તમારે થોડીકવાર પર સાઇન થઇ હતી અને જે વાજાની પેટીપર બેઠા હતા અને વાજુ વગાડતા હતા, તે તમારા દીલદાર “પ્રેમરાયે” પ્રેમપત્રિકા આપી છે. માટે તાકીદે જવાબ આપો, એમ કહેજે અને જુવાબ મને જેમ બને તેમ જલદીથી આપવા આવજે હું તને આગળ ઘણો ખુશી કરીશ આતો તને બીડી પાન સોપારી સારૂં નોટ આપ્યું છે હવે તું ગભરાઇશ નહિં મારૂં કામ કરીશ તો હું તને ન્યાલ કરી દઇશ. ” નોકર બોલ્યો.

“ વારૂ સાહેબ. એ પ્રમાણે કહીશ અને જવાબ જલદી આપી જઇશ. પણ.........હવે ત્યાં મારી સધળી રાહ જોતાં હશે, તેઓને કાંઇ જોઇતું હશે અને મને બુમો મારતાં હશે માટે હાલ તો હું જાઉં છું વળી જુવાબ આપવા આવીશ ત્યારે વધારે વાર બોલીશ. ” શેઠ બોલ્યા

“ વારૂ જા ફતેહ કરી આવજે. ”

એટલું કહ્યું એટલે નોકર ત્યાંથી એકદમ નીકળ્યો અને વિચાર કરવા લાગ્યો કે—

“ આ પ્રમાણે શેઠની દીકરીને આપણે ચીઠ્ઠીઓ આપવી અને તેને ખરાબ રસ્તો બતાવવો તેના કરતાં મુર્ખના સરદારને આંધળાને ખુવાર બનાવવો એ સારૂં છે અને મારા પવિત્ર બહેનને કાંઇ પણ કહેવું નહિ અને બરોબર લાંકડા લડાવવાં એજ સારૂ છે અને તેને સારી

રીતે ફોલી ખાવો એજ સર્વથી ઉત્તમ છે તેમ નહી કરૂ તો મુર્ખો સમજશે નહીં પછી પાછળથી જોઇ લેવાશે. જુઓ વાતમાં મુર્ખાએ દસની નોટ આપી તો હું ખોટો જુવાબ લઈ જઇશ તો કોણ જાણે શું એ આપી દેશે ઠીક છે પૈસાદારના દીકરા છે, તેને કોઈપણ જાતની તમા નથી. કોઇપણ જાતની ફીકર નથી. પણ હું આગળ એને દેખાડું છું કે એક નોકર છું પણ તેને મળ્યો હતો ઠીક છે પણ........તેને જવાબ શા રીતે આપવો તેની ચીઠ્ઠીનું શા રીતે કરવું કેવો જવાબ આપવો ? હશે હાલ તે વાત બાજુ પર મુકો પછી થઇ પડશે એક વખત મને શેઠના ઘરમાં જવા દે પછી સઘળું થઇ પડશે તેઓ મારી રાહ જોતા હશે તેમને કાંઇ હશે તેમ ધારી પોતાના શેઠના ઘરમાં દાખલ થયો શેઠના ઘરમાં દાખલ થયા પછી આ નોકર પોતાના કામે લાગી ગયો. સઘળાંને ન્હાવાને પાણી આપી ન્હવડાવ્યાં બાદ ઇશ્વરલાલ શેઠ અને તેમના પત્ની અને દીકરી અને બીજા છોકરાં રસોડામાં જમવા બેઠા, થોડીકવારમાં જમી રહ્યાં પછી નોકરને સઘળાં વાસણ ઇશ્વરલાલની બહેરીએ આપ્યાં એટલે આ નોકરે “ પ્રેમરાજ ” નો ઘાટ ઘડવો છે તેમ ધારી ઉતાવળથી જમી લીધું અને તાબડતોબ વાસણ માંજી નાંખ્યાં અને ધોતીયાં વગેરે ધોઇ તૈયાર થઇ ગયો અને નવરો ધુપ જેવો થઈ ગયો. પછી શેઠની રજા મેળવી પોતાના સગાંને મળવાનું મ્હાનું કાઢી શેઠના ઘરમાંથી બહાર આવ્યો બાદ “ મહિલા અને તેના માતપીતા બપોરના વખતને લીધે જરા આરામની ખાતર સુઇ રહ્યાં.

નોકરે બહાર આવી વિચાર કરવા માંડ્યો.

“ મહિલા ” બેહેન અને શેઠાણી હરરોજના નીયમ પ્રમાણે

દરરોજ સાંજરે દરસન કરવા જાય છે. માટે આપણે કોઇ પાસે એ-
વીજ ચીઠી લખાવવી કે દરસન વખતે મંદીરમાં મળો. એમ લખવાથી
એટલે તેનાથી મંદીરમાં તેને મળાશે નહિં. કારણ કે રોપી માસ્તર
છે. અટલે છુટ કાઢી મંદીરમાં જનાર નથી, વળી શેહાણી " મ-
હિલા " એહેનની સાથેજ છે, એટલે ફીકર જેવું નથી. આ પ્રમાણે
ચીઠી આપીશ તો હું સાચો પણ પડીશ અને વળી કાંઈ ઇનામ
પણ પોતે રાજી ખુશી થઇ આપશે. માટે લાવ એક વખત ચીઠી
લખું પછી તેની કોપી ગમે તે કોઈ શીખાઉ અંજાણ્યા છોકરા પાસે
કરાવી લઇશ, એટલે કોઇ પણ જાતનો વાંધો આવશે નહિ;
અને તેની ચીઠી મારી પાસે આવી છે તે ગુપ્ત રીતે સંઘરી મુકીશ
પછી જોઉંછું જો એ આગળ કેમ બને છે. આપણુ એક ગમ્મત
સેશું મારે કમાવવાનું જાણ્યું છે. ઠીક છે એમ વીચાર ધારી નીચે
પ્રમાણે ચીઠી લખવા શરૂ કરી. "

વ્હાલા પ્રેમરાય.

તમારી પ્રેમપત્રીકા મળી છે. વાંચી મન્યા જેટલો હર્ષ થયો
છે હું પણ તેજ વિચારમાં છું, હું ઘણા દીવસથી તેમ થવા ધારું
છું, પણ કાંઈ બની આવતું નથી પણ ઠીક છે, બનતો ઉપાય કરીશ.
હાલ મને મારા પિતાજી માતાજી બહાર મોકલતા નથી, પરંતુ હું
આવતી કાલે સાંજે મંદીર દરશન કરવા આવીશ, માટે મ્હને તમે
મંદીરના મકાનમાં મળજો જરૂર મળજો. હું ધારતી હતી કે તમા-
રો પ્રેમ મારા પર નથી, પણ આજ મને ખાત્રી થઇ કે મારા
વ્હાલા " પ્રેમરાય. " નો પ્રેમ મારાપર અપાર છે. મારા નોકરી
તમે ફોકટ છે એ સારૂ કર્યું છો તે આપણું સમજુ ઠેકાણું પડશે

ઘણો ચતુર છે માટે આપણા સંબંધી હરકોઇ કામ હોય તે તેનાથીજ પાડજો અને રાજી રાખતા રહેજો. હાલ એજ.

લી૦

આપને ચિતે ચાહનાર

વ્હાલી " મહિલા "

ની સલામ.

આ પ્રમાણે ચીઠી એક કાગળ ઉપર લખી તૈયાર થઇ ગયો પછી નીશાળ તરફના રસ્તે આવ્યો ત્યાં એક છોકરાને એક દોઢીયાના મમરા લેવો અપાવ્યા અને આડું દોઢું સમજાવી ચીઠીની કોપી બરાબર કરાવીને કવર ઉપર સરનામું કરાવ્યું, પછી છોકરાને પોતે જવા કહ્યું, એટલે છોકરો રાજી થતો થતો મમરા ખાતો નીશાળ તરફ ગયો આ છોકરાના હાથની ચીઠી આબેહુબ જાણે કોઇ બાહરીએ લખી નહોય તેવીજ લખાઇ હતી તેથી તેને ખાત્રી થઇ કે "પ્રેમરાય" હવે મારા ઉપર ખુશ થશે અને વધારે ઇનામ આપશે, તેમ ધારીને ચીઠી પાકીટમાં બીડી ગુંદર લગાવી બંધ કરી અને ચોવડી આઠવડી વાળી પોતાની ફેંટમાં ઘાલી "પ્રેમરાય" ના મકાન તરફ ગયો, એટલે "પ્રેમરાય" પોતાની બારીએ ઉભો હતો તે એકદમ ધબડ ધબડ નીચે આવ્યો અને પેલા નોકરને પોતાની ખાનગી રૂમમાં લઇ ગયો, પછી નોકરે પેલી ચીઠી "પ્રેમરાય" ના હાથમાં મુકી દીધી એટલે પ્રેમ ઘેલા "પ્રેમરાય" તે ચીઠીને એક કોઠી કરી લીધી અને એકદમ છાતીએ દબાવી પછી થોડીવાર પછી તરતજ ફોડી અને વ્હાલા શબ્દ દેખ્યા

તેથી તેને અતિશય હર્ષ ઉત્પન થયો અને આખી ચીઠી એકદમ વાંચી ગયો તેની ચીઠી લગભગ દશ વખત વાંચી અને ઘણોજ ખુશ થયો પછી તે ચીઠી પોતે પોતાના પાકીટમાં મુકી દીધી નોકરને પાન સોપારી ઇલાયચી આપ્યાં. પછી મનમાં વિચાર ધારી પોતાની ખાનગી તીજોરી ખોલી તેને એક હજાર રૂપિઆની એક થેલી કાઢી આપી કહ્યું કે " લીલા " આ થેલી તને ઇનામમાં આપુ છું તે તું લઇ જા. લીલો બોલ્યો–

" માહારાજ આ થેલી લઇ જાઉં અને મારા સેઠના ઘરના જાણે કે કયાંથી લાવ્યો હશે માટે કાંઈ બીજુ ઇનામ આપો કે છુપી રીતે મારાથી રાખી શકાય. " પ્રેમરાય બોલ્યો.

" વારૂ ઠીક ઠીક, એ વાત પણ ખરી, મારી ભુલ થઇ ગઈ હતી બરાબર છે."

એમ કહી થેલી પાછી તીજોરીમાં મુકી અને પોતાની ડોક માંથી મોતીની કંઠી બે હજારની કીમ્મતની કાઢી તેને આપી અને બોલ્યો " કેમ હવે રાજી થયોને. " લીલો બોલ્યો.

" જી આપની મેહેરબાની છે એટલે હું તો સદાકાળ રાજીજ છું, પણ આપ ખુશી થયા તે મને વંચોવો તો ખરા અંદર શું લખ્યું છે. " પ્રેમરાય બોલ્યો.

" શું તેં મારી ચીઠી ફોડીને વાંચી હતી. " લીલો બોલ્યો.

" અરે સાહેબ એ તે હું બોલ્યા શું તે વાંચું હું તે આપને ગમ્મતની ખાતર કહું છું. "

" જા ગાંડાં ચીઠી તે તને વંચાવાય, ખાનગી ચીઠી તને

વંચાવાય નહિ તું તારે કામ કરને ખુશીથી ઈનામ મેળવ પછી તારે શુ કામ છે" લીલો બોલ્યો.

"કાંઇ નહિ સાહેબ હું તો સેહેજ કહેતો હતો આપ વંચાવો તો એ હું વાંચુ ? હું તો કૌયું બહુ ભારે ભણેલો છું કે તમારી ચીઠી વાંચુ તમારી ચીઠી વાંચવાને હું કાંઈ લાયક છું તે વાંચુ આતો ગમ્મતની ખાતર જરા બોલ્યો હતો માફ કરજો ખોટું લગાડશો નહિ."

એમ કહી જરા મોહો ઉદાશ જેવુ અને વીલા જેવું કરી નાંખ્યું એટલે પ્રેમરાય બોલ્યો.

"કેમ તને ખોટું લાગ્યું મારા સમ બોલ તને ખોટું લાગ્યું લીલો બોલ્યો.

કાંઈ નહિ એમાં ખોટું શાનું આપેતો મારા ફાયદા માટે કહ્યું તેમાં ખોટુ શાનુ લાગે "કયાં રાજા ભોજ કયાં ગાંગો તેલી" હું તે તમારી ચીઠી વાંચવાને લાયક છું હું તો આપના જુતાં ઉપાડનાર નોકર છું મને કાંઇ ખોટું લાગ્યુ નથી લ્યો હવે હું જાઉ છું મને મ્હો ઉપર તેમણે એટલું કહ્યું છે કે કાલે ચાર વાગે મંદીરના મકાનમાં મલીશ" પ્રેમરાય બોલ્યો.

"વારૂ વારૂ, એતો હું સમજ્યો, કાંઇ નહિ જા કાંમ કાજ હોયતો કહેજે અને કાંઈ પણ કારણ હોય તો મને કહેવા જરૂર આવજે." લીલો બોલ્યો.

"વારૂં ભાઈશાબ જાઉ છું સાંજ પડવા આવી છે દીવાબતી બીજું ત્રીજું કાંમ હજી ઘણું છે માટે જાઉ છું".

પ્રેમરાય બોલ્યો. "જા ખુશીથી જા તને રજા છે."

આ પ્રમાણે કહ્યું એટલે લીલો પોતાના સેઠને ત્યાં ચાલ્યો ગયો. પછી બીજે દીવસે " પ્રેમરાયે " મંદીરમાં જવા સારૂ પોતાના ખાસ કપડાં કાઢયાં અને એક વખત પોતાના અંગ ઉપર ધારણ કરી દીધા અને પછી મોટા અરીસામાં પોતાનું મોહો જોવા લાગ્યો દરેક દરેક કપડાં નવાં કાઢયાં હતાં બુટ ઇગ્લીશ ફેશનનાં કાળાં હોલ બુટ હતા. વળી હાથમાં ચાંદીના હાથાની લાકડી ઝાલી હતી, વળી આંખે સોનાનાં ચશમાં ઘાલ્યાં હતાં, મુળે પૈસાદારનો છોકરો હતો તેમજ દેખાવડો હતો અને વળી કપડાં સારાં ઉમદા પેહેર્યા હતાં તેથી એક રાજાના કુંવર માફક દેખાતો હતો, તેથી પોતે પોતાને ડ્રેસ અરીસામાં જોઇ બરાબર પસંદ કીધો હતો તેથી તે ડ્રેસ પેહેરી જવો તેમ ધારી તુરત ઉતારી નાંખ્યો અને ખુંટીએ ભરાવી દીધો તે દીવસ તેને આખો અનંદ આનંદ લાગતો હતો અને કયારે ચાર વાગે કે મંદીર તરફ જાઉં એમ વીચાર ધારતો હતો. કોઇ દીવસ મંદીરનું બારણું સરખું પણ નજરે જુએ નહિ તે આજે ખાસ મંદીરે જવામાટે ઠાઠમાઠ કરી બેઠો હતો આ હા ! હા ! ! હા !!! કામાન્ધ માણસો મંદીરમાં પણ અપ લક્ષણને માટે જરાપણ આંચકો ખાતા નથી પ્રભુનો જરી પણ ડર રાખતા નથી કામીઓ સદાકાળ આંધળાજ રહે છે કામીઓને આંખો બરાબર હોય છે છતાં તેમને આંધળાની ઉપમા આપીએ તો તે બરાબર છે.

ચાર વાગ્યા એટલે પાછો ડ્રેસ પેહેરી તૈયાર થયા વળી રૂમાલમાં પુર માટલું ન ચઢાવવું અને કાળાં કપડાં પહેરી તૈયાર થયો. રોજ ગાડીમાં ફરવા જાય અને આજ પગેજ ચાલતો નીકળી પ-

કર્યો, શું કરે ઇશ્કક ચીજ એવી ખરાબ છે કે ભંગીનાં કપડાં પે-હેરવા પણ કબુલ કરે. કપડાં પહેરી મંદીરના મુકામ પાસે આવ્યો અને મંદીરની અંદર ચમચમ કરતો દાખલ થવા લાગ્યો એટલે ભૈયાએ તેનો હાથ ઝાલ્યો અને કહ્યું.

" બુટ પેહેનકે અંદર દાખલ હોતે હો કહોન જાત હો? બુટ પેહેનકે અંદર નહિં જવાયગા અરે પાટલુનબી તુમને તો પેહેનેલી હયે, તુમારાસી અંદર દાખલ નહિ હુવાયગા, પાટલુન ઔર બુટ નીકાલ કે જાના હોતો જાવ મગર ઇસ માંફીક મંદીરમેં નહિ દા-ખલ હો સકતા હયે. જાના હોતો બુટ ઔર પાટલુન નીકાલ કર આપ દાખલ હો. મગર એસા કભી નહિ બનનેકા. "

પ્રેમરાય બોલ્યો.

" છટ કેવાં જંગલી માણસ છે પાટલુનમાં શું આવી ગયું એ તદન નવીજ છે આજેજ કાઢીછે. મેતો ફક્ત બુટ નીકાલકે અંદર દાખીલ હોતાહું પાટલુન તદન સાફ છે શું પાટલુનને ચામડુ તો નથી લગાવ્યું કે આટલી બધી ચીકાશ કરો છો ? મ્હારે દરશન કરવાં છે અને ઘેર જાઉં તો ટાઇમ વીતી જાય માટે આ-ટલી વખત જવા દો ભૈયાજી ફરીથી આવીશ ત્યારે ધોતી પહેરીને આવીશ; મને તમારા જંગલી રીવાજની ખબર નહિં હતી, જો ખબર હોત તો હું કદી તેમ નહિ કરત, કેવા તદન ખરાબ માણસ છે કે કોઇના દરસન પણ મુકાવે છે. આટલી રગઝગ થાય છે એટલામાં " મહિલા " અને તેની માતા મંદીરના મુકામે આવી પોહોંચે છે. અને બાજુપર પાટ ઉપર બેસે છે. અને થોડી વાર

ચયા પછી દરશન ખુલાં થયાં એટલે લોકો દરસન કરવા દાખલ થયાં. " પ્રેમરાયે " " મહિલા " ને બરાબર રીતે જોઇ લીધી અને વચનની સાચી એમ પોતાના અંતઃકરણમાં પોતે ધાર્યું પરંતુ ભૈયાએ અંદર દાખલ થવા દીધો નહિં તેથી ભૈયા ઉપર પોતે ચીડવાઇ ગયો અને બોલ્યો.

" કેમ જંગલી રાસકલ તું શું મને રોકનાર છે. હું તને જોઇ લઇશ તને એકદમ નોકરીથી બરતરફ કરાવીશ. સમજ્યો ? હું કોણ છું તું મને ઓળખે છે ! હું તારો પવન એક દીવસમાં ઉતારી નાંખીશ યાદ રાખજે. " ભૈયો બોલ્યો.

" અચ્છા અચ્છા તુમારાથી હો જાય એસા કરલેના હમકુ કુછ ડરતે હયે ? નોકરી હમ નેકીસે બજાયગા ઇધર નહિ રખેગા તો ઔર ઠીકાણે નોકરી રહે જાયંગા ઉસ્મે કયા હયે. મગર તુમકુ પાટલુન સહિત અંદર દાખલ કરૂં ! કભી નહિં, અયસા હમારા ગુરૂકા હુકમ નહિ હયે ઔર એસા હુકમ લાવ જબ ખુસીસેં જાના ચાહાય નોકરી રખે ચાહાય નીકાલ દેવે ઉસમે કયા હયે ઉસ્કા હુકુમકા કામ કરના હયે ઉસ્મે કયા હયે, પ્રેમરાય બોલ્યો.

" ઠીક, ઠીક, હું તેને માટે જોઇશ એમ કહી " મહિલા " ને નહિ મળાય એમ નક્કી ધારી વીલે મોઢે ઘર તરફ લાકડી ફેરવતો ફેરવતો ચાલવા લાગ્યો અને વીચાર ધાર્યો કે ફરીથી બીજે ઠેકાણે મળવા પત્ર લખવો એમ ધારી પોતાને ઘેર તાબડતોબ આવ્યો ઘર આગળ આવ્યા પછી તેના માતા પીતાએ તેને જમવા સારૂ નોકર પાસે બોલાવ્યો તો મ્હો તોબરા જેટલું કરી રસોડા પાસે પાટલા

ઉપર આવી બેઠો અને રોજના નીયમ કરતાં ફકત ચાર આની જમ્યો એટલે તેની માતા બોલી.

કેમ દીકરા આજ આટલુંજ જમ્યો કંઇ તારી તબીયત બગડી છે. પ્રેમરાય બોલ્યો.

તમને મારી તબીએતની શું જરૂર છે. તમે તમારે તમારૂં કર્યા કરોને, અમારી તમને શું દરકાર છે. છોકરાઓ તો તમને ઘણા મળે છે, એટલે મારી તમને શું જરૂર છે. તેની મા બોલી.

કેમ દીકરા આમ જવાબ આપે છે. પ્રેમરાય બોલ્યો.

કેમ તે એમ તમને કેટલી વખત કહીએ, તમને હજારો વખત કીધું કે મારાં લગ્ન ઇશ્વરલાલની દીકરી મહિલા સાથે થવાં જોઇએ. નહિ તો મ્હારે ને તમારે ભારે તકરાર થઇ પડશે સમજ્યાં. તેનો બાપ મણીલાલ બોલ્યો.

" તેના લગ્ન તારી સાથે તેઓ કરે તેવું શું તને લખી આપ્યું છે કે કાંઇ તેઓ તારા તબિદાર છે કે તું આટલું બધું ભાર દઇ બોલે છે. " પ્રેમરાય બોલ્યો.

" તે પોતે ખુશી હોય તો કેમ ના ? " મણીલાલ બોલ્યો.

" તે પોતે ખુશી હોય તો અમારી તો ખુશીજ છે. તું તારે બંદોબસ્ત કરી લે અમારાથી દીકરાના માબાપ થઇને તેમને તેમ કહેવાને તો નહિજ જવાય, લગ્ન કરવાં યા નહિ કરવાં એ તેમનાં હાથમાં છે તેની પોતાની ખુશી હોય તો તું તજવીજ કર અને લગ્ન ખુશીથી કર અમારી તેમાં મના નથી. " તેની મા બોલી

" દીકરા તું જરા સબુરી પકડ આજ કાલ વાટ જોઇસ વાત ભેગી વાત નીકળે તો વાત થાય કાંઇ ચોકખે કહેવા જવાય છે. "

પ્રેમરાજ બોલ્યો.

" [illegible] ત્યારે [illegible] તમે વાત બેગી વાત કાઢજો અને તે ઘેરથી તાકીદથી કરજો,

આ પ્રમાણે વાત કરી એકદમ પોતાના ખાનગી ઓરડામાં દાખલ થયો અને બીજે ઠેકાણે મળવા માટે તે ચીઠી લખવા માટે ટેબલપર જઇ બેઠો અને ચીઠી લખવી શરૂ કરી.

વ્હાલી " મહીલા "

ત્હારા લખવા મુજબ મંદીરના મુકામે આવ્યો હતો, પરંતુ લૈયો વચમાં નડયો તેથી મારાથી અંદર દાખલ થઇ શકાયું નહોતું તેથી તને મળી શકાયું નહિ ત્હેં મારી અંદર રાહ ઘણી જોઇ હશે, પરંતુ શું કરૂં લાચાર છું કે લૈયાએ વચમાં નકામું સાલ ઘાલ્યું પણ કાંઇ નહિ બીજે ઠેકાણે ચોક્કસ મળવા પ્રયત્ન યોજી તુરત જુવાબ આપી આ [illegible] (પ્રેમરાજ) ને જલદી શાંત કરજે હાલ એજ,

લી.

તને મળવા ઇચ્છનાર

પ્રેમી.

પ્રેમરાજના [illegible]

આ પ્રમાણે ચીઠી લખી ટેબલ ઉપર મુકી દીધી હવે લીલી-[illegible] કઇ રીતે બોલાવવી તે વિચાર કરવા લાગ્યો કારણ તે વખતે [illegible] બાકર [illegible] [illegible] હતો તેથી પોતે કરૂખામાં ઉભો [illegible] [illegible] લીલીબાની રાહ જોવા લાગ્યો ઓરડામાં લીલીઓ [illegible] [illegible] [illegible] લઇ આવ્યો હતો તેથી તેને [illegible] [illegible]

ફરી પોતાની પાસે આવવા સમજાવ્યું પછી લીલીઆએ ઇશારતમાં માંજીને આવું છું એમ સમજાવ્યું એટલે પ્રેમઘેલો (પ્રેમરાય) અંદરની રૂમમાં આવ્યો લીલીઓ તાબડ તોબ વાસણ માંજી શેઠના ઘરમાં મુકી (પ્રેમરાય) પાસે આવ્યો અને બોલ્યો કેમ શેઠ સાહેબ શો હુકમ છે.

" લીલીઆ આજ તો આ એક ચીઠી પાછી ફરીથી તેમને આપવાની છે તે લે. લીલો બોલ્યો.

કેટલી બધી ચીઠીઓ, શું ઘણી ચીઠીઓ લખે ઘણું હશે ? એક લખી તો એ તે છે અને વધારે લખી તો એ તે છે માટે રહેવા દો એકમાંજ મઝા છે. પ્રેમરાય બોલ્યો

" અરે તો ઘણીજ જરૂરના કામની છે માટે આ તો તું તાકીદથી તેમને આપજે અને જવાબ આપે તે લેતો આવજે જા તારી બહુ મહેનત છે હું બધું સમજું છું જવાબ લાવીજ એટલે તને પાછો ખુશી કરીશ ? સમજ્યોને ? માટે લે આતો એકદમ આપજે," લીલો બોલ્યો

" શેઠ લાવો ત્યારે " હું તો ખરૂં કહું છું પછી તમારી મરજી હું બહું ગાલમેલ કરૂં તો પાછા મારા ગરીબના લોગ મળી જાય માટે થોડે શો મીઠા હું તો આપીશ પણ તમારૂં કામ બગડશે અને તે ચીવાઈ જશે તો ફરીથી તો તે તમને બોલાવશે પણ નહીં માટે ઠીક છે આ ચીઠી તો હું તુરત જઇને આપું છું અને જુવાબ જલદી લાવું છું ગભરાશો નહીં એમ કાંઇ આ તમારો દાસ લીલીઓ જાય તેવો નથી. પ્રેમરાય બોલ્યો

" વારૂં વારૂં જા તારી તો મને પુરી ખાત્રી છે તું ઘણો હુશીઆર છે. "

આ પ્રમાણે વાત કરી ચીઠી લઇ લીલીઓ પોતાના શેઠના ઘરમાં દાખલ થયો અને એક ખુણે જઇ ફોડી વાંચવા લાગ્યો કે જોઇએ અંદર શું લખેલ છે એમ ધારી પોતે ચીઠી વાંચી અને બે દીવસ રહીને જવાબ આપીશું એમ ધારી તે ચીઠી પેલી ચીઠીની સાથે સંતાડી મુકી અને ઇનામની આપેલી કંઠી વેચી રૂપિયા પોતાને ઘેર પોતાના સગા સાથે રવાના કરાવી દીધા.



પ્રકરણ ૨ જું.

બગીચાનો પ્રેમરાયને જુઠો વાયદો.

દોહરો.

કપટ જાળમાં જઈ ફસ્યો પ્રેમરાય વિશેષ,
નવસજ્જ્યો અંધાબની ભુલથી ભટક્યો બેશ,

પ્રેમરાયની આપેલી ચીઠીને એક અઠવાડીઉં વીતી ગયું. તેથી લીલીઆના મનને ફીકર થવા લાગી કે પ્રેમરાય જવાબ માટે ગભરાશે માટે કેવો જવાબ ગોઠવવો તેનો વિચાર કરી નીચે પ્રમાણે જવાબ લખ્યો.

મહિલા બેહેન [illegible] [illegible] સવારના પહોરમાં હવા ખાવા માટે જાય છે, માટે [illegible] તો [illegible] [illegible] [illegible]યદાનીજ લખવી તેજ બરાબર બેસતી વાત છે. [illegible] [illegible] [illegible] તેજ ઠાક ફાવીશ અને ઇનામ પણ વધારે [illegible] [illegible] [illegible] [illegible] બને એકઠાં મળશે અને તેઓને વાત થશે [illegible] [illegible] [illegible] ફુટી જશે તો કેમ થશે તેને માટે વિચાર ઉત્પન્ન થયો એ પણ તેણે ધાર્યું કે મ્હારે દીવસે બાગમાં તેમની સાથે જવું અને તેઓને વાત ન થાય અને વાત ફુટી ન જાય તેવી ચાલાકી જાતે જઇ વાપરવી તેવું નકી કરી નીચે પ્રમાણે ચીઠી લખવી શરૂ કરી.

વ્હાલા પ્રેમરાય.

તમારી પ્રેમ પત્રીકા મલી છે વાંચી ઘણુંજ આભારી થઈ છું. એ મ્હારો વાયદો બરાબર સાચવ્યો. હતો મારો જરા પણ ગુન્હો નથી તે આપ સારી રીતે જાણો છો. તમને તે વખતે નાહકની પડી હતી પણ ખરેખર આવતી કાલે સવારમાં સાતવાગે બાગમાં મને જરૂર મળજો ત્યાં સઘળો ખુલાસો થશે ત્યાં એકાંતમાં અનુ-કુળતામાં સારી વાતચીત થશે હાલ એજ.

લી. વ્હાલી દાસી

" મહિલા "ના સલામ

આ પ્રમાણે પત્ર લખી ગઇ વખત ગયો હતો તેજ સ્કુલ પાસે આવી ઉભો રહ્યો, ત્યાં તેજ છોકરાને પૈસાના મમરા સેવ અપાવી કોપી કરાવી લીધી. અને કવરમાં બીડી પ્રેમરાયના મકાન પર આવ્યો અને તેને અવાજ કાઢી બોલાવ્યો એટલે તે લીલીઆનો અવાજ સમજી માળ પરથી એકદમ પોતાનું કામ અધુરૂ મુકી સાંકળ ખોલી ગયો અને લીલીઆને અંદરે દાખલ કર્યો એટલે પેલી છોકરા પાસે લખાવેલી ચીઠી લીલીઆએ આ પ્રેમઘેલા " પ્રેમરાય " ને આપી. તે વાંચી ઘણો ખુશી થયો અને આનંદ માનવા લાગ્યો. અને આમથી તેમ કુદકા મારતો જાણે ઘરમાં નાચ કરતો હોય નહિ તેમ થવા લાગ્યો, તે જોઇ લીલીઓ સમજી ગયો કે આણે લાઇને બરા-બર ચમક ઉત્પન્ન થઇ છે. ઠીક લાગ મળ્યો છે, જો ઇનામને માટે [illegible] જાણતો [illegible] અમુક [illegible] ઇનામના વાસ્તે તે આ હર્ષમાં મને જરૂર આપશે દેશે, તેમ જો હાલ એકદમ પ્રખ્યાત બની ગયો છે, પરંતુ તેમ કર્યા સિવાય આપશે તો બોલવુંજ નહિ એમ વિ-ચાર ધારી પોતે [illegible] બેઠો અને શોકાતુર ચેહેરો બનાવી.

એટલે અક્કલનો ખજાનો ' પ્રેમરાય ' એમ સમજી ગયો કે, આ ઇનામ વિના શોકાતુર થયો છે, માટે લાવ તેને કાંઇ ઇનામ આપું તેની મહેનત ખરેખરી છે, જો નહિં આપું તો તે પાછો ફરીથી મ્હારૂ કામ બીલકુલ નહિ કરે, તેમ ધારી પોતાના હાથેથી પોતાને હરરોજ પેહેરવાની વીંટી હતી તે કાઢી તેના હાથમાં મુકી અને બોલ્યો—

' લીલા, લે આ વીંટી હું મારી ખુશીથી આપું છું તારી મેહે-નત ઘણી છે, હું જાણું છું, તું મેહેનતું માણુસ છે લે તારી પણ આશા છે.

લીલો બોલ્યો—હજુર આપો તો આપનો કંઠો આપો નહિં તો મારે નથી જોઇતું " પ્રેમરાય બોલ્યો.

" હાલ તો લે, કાલે મળ્યા પછી કંઠો આપીશ તને હું ખુશી કર્યા વિના નહિ રહું તે બરાબર સમજી રાખજે. "

લીલો બોલ્યો—ત્યારે રહેવાદો, મહારે નથી જોઇતી.

આ પ્રમાણે લીલો બોલ્યો એટલે " પ્રેમરાય " એમ સમજ્યો કે તેને રીસ ચઢી છે. માટે કંઠો આપીશ તો સારૂં છે નહિ તો માહારા પ્રેમમાં વિઘ્ન આવી પડશે એમ ધારી તીજોરી ખોલી કંઠો તેના હાથમાં મુકયો અને બોલ્યો.

" લે લીલા હવે ખુશી થયો " લીલો બોલ્યો.

" સાહેબ આપની મેહેરબાની છે એટલે બધું એ છે મહારે તો આપની મેહેરબાની જોઇએ પણ બ્હેને મને મોઢે એમ કહાવ્યું છે કે સવારમાં ભુલતા નહિ એમ કીધું છે માટે હું આપને કહું છું. " પ્રેમરાય બોલ્યો.

" વારૂ વારૂ એતો હું સમજ્યો " લીલો બોલ્યો.

" ત્યારે હવે હું જાઉંછું, વખત ઘણો થઇ ગયો છે, માહારી ત્યાં તેઓ રાહ જોતા હશે. " પ્રેમરાય બોલ્યો.

" હા ખરી વાત છે, જા જા ઝટ જા આ વાત કોઇના મોઢે કરીશ નહિ સમજ્યો કે ? શું કહુંછું જો ભુલતો નહિ " લીલો બોલ્યો.

અરે સાહેબ એ શું બોલ્યા આ ડોકું જાય તો શું થઈ ગયું વાત તે જાય (સ્વગત) ઠીક થયું મ્હારે પણ એમજ જોઈતું હતું તારા કરતાં મને વધારે ફીકર છે મુખ્ખાં માલ હજમ કરવો છે હું તે કેમ વાત કરીશ, અક્કલના ખજાના માલ હજમ કરીશ અને વળી "મહિલા" માટે વાહ્યાતો કરીશ સમજ્યો એતો લીલાભાઇની જોઇલે ચાલાકી પ્રેમરાય બોલ્યો.

" કેમ લીલા શા વિચારમાં પડી ગયો છે કાંઈ ભારે વિચાર કરવા લાગ્યો છે જો. " લીલો બોલ્યો.

" કાંઇ વિચાર નથી કરતો, એતો એમ ધારતો હતો કે વખત થઇ ગયો છે ને ત્યાં પુછશે તો શું કહીશ એમ વિચાર ધારતો હતો તે શું કહેવું છે મેં મારા હૃદયમાં ગોઠવી દીધુ હવે ફીકર નહિં જાઉં છું. " પ્રેમરાય બોલીયો.

જા જા ઝટ જા પણ શું કહું છું વાત જાય નહિ.

તમે તમારે બે ફીકર રહો એ બધી ફીકર મને છે. પણ સવારનું ભુલશો નહિ.

એટલું કહી લીલો ત્યાંથી કંઠો અને વીટી લઇ એકદમ વદાય થઇ ગયો, કંઠો અને વીટી બારોબાર પોતાને ઘેર મુકી પોતાના શેઠને ઘેર આવ્યો અને વિચાર કરવા લાગ્યો.

સવારે " મહિલા " બ્હેન બાગમાં તો હરરોજના રીવાજ મુ-જબ જશે પરંતુ તેની સાથે તેના નાનાભાઇ મંગળને પણ તે યુક્તિ રચી મોકલવો એટલે પછી મંગળની સાથે મને પણ તે સાથે હરરોજ માટે આ પ્રોઇન્ટ રચવો તે ઘણો સરસ છે. એમ મારી ધારેલો વિ-ચાર બાહાલ રાખી પોતાના કામમાં સામેલ થઈ ગયો.

બીજે દીવસે પરોઢીઆના પાંચ વાગ્યાનો સમય થવા આવ્યો તો, સુર્યનાં કિરણો ફુટવાને એક કલાકની વાર હતી, તેથી લીલીઆએ પાણી ઉનું મુકી " મહિલાને " નાહાવા માટે આપ્યું પછી તેથી " મહિલા " ના ભાઈ મંગળને યુક્તિથી જગાડયો અને તેની સાથે બાહાર ફરવા જવા માટે તેને સમજાવ્યો એટલે મંગળ ઉઠ લઇ બેઠો એટલે મંગળને સાથે લઈ જવો ધારી લીલાને હુકમ કર્યો કે તેને કપડાં પહેરાવી તૈયાર કર અને તું તેને મારી સાથે લઇ ચાલ

આ પ્રમાણે " મહિલા " એ લીલાને કહ્યું એટલે લીલાને હૃદ-થી ઝાઝે આનંદ થયો અને એકદમ તૈયાર થઇ ગયો અને મહિલા સાથે મંગળને લઇ બાગ તરફ ચાલવા લાગ્યો. થોડીકવારમાં ત્રણે જણા બાગમાં આવી ઉભાં રહ્યાં. લીલીઆએ મંગળને " મહિલાની " આંગળીએ વળગાડી દીધો અને બાગમાંથી બે ચાર જાતના ફુલો લાવી આપી મંગળના હાથમાં આપ્યાં અને પોતે જાળી ઝુંડની બા-જુમાં જઇ ઉભો રહ્યો. " મહિલા " મંગળને લઇ બાગમાં આમથી તેમ ફરવા લાગી.

પ્રેમને વશ થએલો મૈત્રાયનો " મહિલા " કરતાં પણ અડધો કલાક અગાઉ આવી ત્યાં [illegible] હતો. " મિત્રાય " થોડી ચ-હાઇ તેમજ થોડો લીલો મેવો, થોડો સુકો મેવો, એ પ્રમાણે એક

રેશમી રૂમાલમાં સાથે લેતો આવ્યો હતો. ને "મહિલા જે ઠેકાણે ફરતી હતી ત્યાં એક બાંકડા ઉપર આવી બેઠી અને બીજો મેવો ચાકુવતી સુધારવા મંડી પડયો મેવો સુધારી ત્યાં ફરવા આવનાર નાના નાના બાળકોને આપવા મંડયો એટલે પછી મંગળને પણ તેણે તે મેવો આપવા માંડયો. એટલે મંગળે તે લેવા ના પાડી પછી "મહિલાએ" તે લેવા તેને કહ્યું, એટલે મંગળે તે મેવો લીધો. મંગળને મેવો લેવાનું કહ્યું એટલે "પ્રેમરાય" એમ સમજ્યો કે તેણે મારા પ્રેમને માટે તેને લેવા માટે કહ્યું, માટે તેને પણ જરા મેવો આપું. તેમ ધારી એક પોસ ભરી "મહિલાને" આપવા માંડયો—એટલે મહિલાએ પાડોસી છે તેમ સમજી ભોળે ભાવે લીધો. મેવો લીધો એટલે પ્રેમરાયને વધારે ખાત્રિ થઇ કે તેનો પ્રેમ મારા પર ભરપુર છે વળી મેવો તો લીધો તો લીધો, પણ પાછી ભોળે ભાવે મહિલા એમ બોલી કે,

કેમ પ્રેમરાય આજ કાંઇ મેવો વહેંચો છો ?

આ પ્રમાણે કહ્યું. એટલે વળી અકકલના ખજાનાને વધારે આનંદ થયો અને બોલ્યો—

તમે પધારવાનાં હતાં તેટલા માટેજ.

આ પ્રમાણે પ્રેમરાય કપટમાં બોલ્યો હતો, પરંતુ નીષ કપટી મહિલા ને તો જરાપણ તે દીલપર નહોતું તેથી તે પાડોશી રીતના રીવાજ પ્રમાણે એટલે ભાઇ હોવા પ્રમાણે પોતાના ખરા અંતઃકરણથી વાત કરતી હતી. તે બોલી.

તમારો આ રીવાજ ઘણો સારો છે. કે બચ્ચાઓને ખુશી કરવા તમારૂં અંતઃકરણ ખેંચાય છે. પ્રેમરાય બોલ્યો

તે તો મને અસલથીજ ટેવજે છે. મહિલા બોલી

ઘણી સારી વાત છે. આવી બાબતમાં તમારો હાથ ફેરો છે એ ઉત્તમ વાત છે. પ્રેમરાય બોલ્યો.

વારૂ........ઇશ્વરલાલ અહિં છે કે બાહાર ગામ ગયા છે.

મહિલા બોલી તેતો અહીંજ છે. પ્રેમરાય બોલ્યો.

અં..........તમે મારા કરતાં કેટલાં નાનાં હશો ?

મહિલા બોલિ—હું ધારૂં છું થોડોકજ ફરક જશે.

પ્રેમરાય બોલ્યો—હું ધારૂં છું તમને ચઉદ એક વર્ષ થયાં હશે. અરૂં વારૂં ? મને સોળ થયાં છે. મહિલા બોલી

હા એટલાંજ થયાં હશે મારી નીશાળમાં મારાં વર્ષ નોંધાવાં છે તે પરથી કહું છું કે એટલાજ હશે. પ્રેમરાય બોલ્યો.

ત્યારે—હવે તો—તમારાં લગ્ન થવાં જોઇએ, મહિલા બોલી

હા, થવાં તો જોઇએ, પણ પિતાજીના હાથમાં છે તેમનાથી વિરૂધ કાંઇ થવાય છે ? પ્રેમરાય બોલ્યો

નહિજ તો માબાપથી કાંઇ વિરૂધ ચલાય છે, માબાપ કહે તે બરાબર છે, પણ તમે તો મનમાં નક્કી વિચાર ધાર્યોજ હશે તો ? મહિલા બોલી.

આપણો વિચારે શા કામમાં આવે છે. પ્રેમરાય બોલ્યો.

નહિજ તો.

આ પ્રમાણે મહિલા સાથે પ્રેમઘેલો પ્રેમરાયે વાતચીત આરમમાં કપટથી કરી, પરંતુ મહિલાએ તો ખાસ ભોળાભાવેજ સઘળા જવાબ દીધા હતા. તેનામાં બીલકુલ કપટ નહોતું. પ્રેમરાયનો વિચાર તો આગળ સઘળી વાત કરવાનો હતો એટલામાં લીલીઓ

તેમની પાસે આવી ઉભો રહયો એટલે પ્રેમરાય એમ સ-મજ્યો કે લીલીઓ છે એટલે લાંબી વાત હવે નહિં થાય, વળી આની સાથે તેનો ભાઇ છે, તે ૭ સાત વરસનો છે, ને સઘળી વાત સમજી જાય, અને તેના મા બાપના મોં આગળ કહ્યા વિના રહે નહિં માટે કેમ કરવું તેનો વિચાર કરવા લાગ્યો. મહિલાને તો આ વાત એક તલભાર પણ મનમાં નહોતી તે તો સાધારણ રીતે પાડોશી હકથી ભાઇ દાવે વાત કરતી હતી નાનપણમાં રમેલાં હતાં તેથી સાધારણ વાતો કરવાને માટે તેને જરા પણ મનમાં આંચકો આવતો નહોતો અને તેનામાં બીલકુલ કપટ પણ નહોતું તેથી તેણે ઉપર પ્રમાણે વાત ફકત ભોળા દીલથીજ કરી હતી પછી વખત થઇ જવાથી મહિલા બોલી.

લીલા ? મંગળને ઉચકી લે ? હવે ઘર તરફ જઇએ, વખત થઇ ગયો છે,

આ પ્રમાણે મહિલા બોલી એટલે લીલીઆના મનને શાન્તી વળી કે હવે ઠીક થશે હવે અહીંથી જલદી જવાય તો સારૂ, ધા-રવા પ્રમાણે બધુ થઇ ગયું છે. અને હવે જો વધારે વાર રોકાઇશું તો નાહક ફજેત થવું પડશે એમ ધારી બોલ્યો.

હાજી ચાલો વખત થઇ ગયો છે.

એમ કહી મંગને પોતે ઉચકી લીધો અને ત્રણે જણાઓ ચાલવા માંડયું. એટલે પ્રેમરાય શોકાતુર થવા લાગ્યો અને શોકાતુર ચેહેરે ત્યાંજ બેસી રહયો અને દીલગીર થઇ બાંકડા ઉપર માથુ દ-ઈ થોડીવાર વિચાર કરવા લાગ્યો.

કાંઈ ફીકર નહિં, તેનો પ્રેમ મારા ઉપર બરાબર છે. તેણે વાત મારી સાથે બરાબર દીલથી કરી છે. હું ધારૂં છું લગ્ન ને માટે તે

જરૂર તજવીજ કર્યા વિના રહેશે નહિ; મારા કરતાં તેને પ્રેમ મારા પર અતિશય લાગે છે. તે તેની મેળેજ સઘળી સગવડ બરાબર ઉતારશે લીલીઓ આવી પોહોચ્યો ન હોત તો આજને આજ સરવે ખુલાશો થઇ જાત. પણ હશે રૂપિએ બાર આની વાત ઠેકાણે આવી ગઇ છે. લીલીઓ એ શું કરે ટાઇમ થયો એટલે તેની પાસે આવ્યા વિના ચાલે નહિ ન આવેતો ઠપકો મળે એમ પોતાને તેને જણાવવું જોઇએ કે તેને ખાત્રી થાય કે તે વાત જાણતો નથી બરાબર છે લીલીઆએ તો પોતાની ચાલાકી બરાબર વાપરી છે. પણ કાંઇ નહિ. કામ થયા વિના રહેશે તો નહિજ. કામતો જરૂર થશેજ એ તો હવે મને અઢાર આની ખાત્રિ થાય છે માટે લાવ હવે ઘેર જાઉં.

આ પ્રમાણે વિચાર કરે છે એટલામાં લીલીઓ તેઓને મુકી બાગ તરફ પાછો આવ્યો. અને પ્રેમરાય ને પુછવા લાગ્યો.

કેમ બેઠા પારને ! પ્રેમરાય બોલ્યો

થોડુ અધુરૂં રહી ગયું, પણ કાંઇ નહિ તેં જુક્તિ બરાબર બેસાડી છે લીલા તારી કળા બહુ સરસ છે. લીલો બોલ્યો,

અરે તમારે જોયા કરો ને, એ કામ કરવું એ મારામાં ચાલાકી છે. હવે તમારે તેની જરા પણ ફીકર રાખવી નહિ, એ ફીકર હવે મને છે. પ્રેમરાય બોલ્યો

" અરે તારો તો મને ખરો ભરૂશો છે, તું કામ જરૂર કરશે એવી મને ખાત્રી છે. " લીલો બોલ્યો.

" હવે સાહેબ મને કાંઈ ઇનામ મળવું જોઇએ તમારો ભેટો પણ મેં કરાવી આપ્યો લાખ રૂપિઆ આપે તો પણ ભેટો ક્યાંથી થાય એ તો આ ફાંકડાએ હિંમત ચલાવી તો ભેટો કરાવી આપ્યો છે સમજ્યા ? માટે આ વખતે ભારે ઇનામ મળવું જોઇએ."

લીલાએ આ પ્રમાણે કહ્યું એટલે "પ્રેમરાય" પાછો વિચારમાં પડી ગયો બરાબર વાત છે. "મહિલાને" મેળવતાં એક લાખ રૂપિયા જાય તો પણ તેનું મુખ જોવા ન પામીએ તો વાત તો ક્યાંથીજ થાય માટે આજે કોઇ ભારે ઇનામ આપવું ભલે મારા બાપની મીલકત ખલાસ થઇ જશે. તો પણ "મહિલા" મલશે એટલે બસ છે એમ ધારી બોલ્યો.

" વારૂ ચાલો ઘર તરફ જઈએ ઘણો વખત થઇ ગયો છે. લગભગ દશ વાગવા આવ્યા છે માટે ચાલો." લીલો બોલ્યો.

" હા ચાલો દશ વાગવા આવ્યા છે ?!

આ પ્રમાણે વાત કરી "પ્રેમરાય" અને લીલીઓ ઘર તરફ આવ્યા લીલીઆને "પ્રેમરાયે" ઘેર આવી તેના બાપની તીજોરીમાંથી નોટોનું એક પડીકું આપ્યું, તેમાં લગભગ એક લાખની નોટો હતી તે નોટો આપી. પ્રેમરાય બોલ્યો.

લીલા લે આ એક લાખ રૂપિઆની નોટો છે, પણ આજ અગર તો એક અઠવાડીઆમાં "મહિલાને" તું માહરા ઓરડામાં લાવજે ! લીલો બોલ્યો.

" અરે સાહેબ તમે તમારે બેશી રહોને, જુઓને મારી કળા તમારે મને વધારે કહેવું નહિ પડે, મારા બનતા ઉપાયો હું જેમ બનશે તેમ વ્હેલી લાવીસ, પણ ઉતાવળ કરશો નહિ, ઉતાવળ કરશો તો મુદ્દલ વાત મારી જશે, ને પ્રંચાત થઇ પડશે, માટે તમે તમારે મારા કહેવા પ્રમાણે ચાલો તો ઘણું સારૂં."

પ્રેમરાય બોલ્યો " ઠીક, પણ ભુલીશ નહિ; આ બધી ફીકર હવે તને છે સમજ્યો. લીલો બોલ્યો.

" સારૂ સારૂ હવે હું જાઉં છું."

એમ કહી નોટોનું પડીકુ લઇ પોતાને ઘેર ગયો. પડીકાનું ઠેકાણું કરી તુરત દોડતો શેઠના ઘરમાં દાખલ થયો તે વખતે મહિલાના લગ્ન સંબંધી વાત માટે તેમની જ ન્યાતના શેઠના ઘરના માણસો આવ્યા હતા તે અંદર અંદર વાતો કરતા હતા, તેમાંથી એક માણસ બોલ્યો.

જુઓ તમારે વિવાહ કરવાનો મોખ હોય તો, પચાસ હજારની પહેરામણીમાં હું નકી કરી આપું આવું મળવું મુશકીલ છે. ફરીથી આવું નહિ મળે અને પસ્તાશો. માટે વિચાર કરી જુઓ લાખ રૂપિઆ પહેરામણી આપો તોપણ તમને આ મળવું મુશકીલ પડે કહો શો વિચાર છે હું તો તમારો હિતસ્વી છું તે કહું છું. ચોકઠું બેસાડી આપીશ પછી તમારી મરજી. ઇશ્વરલાલ બોલ્યો.

સારૂ જાવ કબુલ છે, બીજા કરતાં આ મુરતીઓ કાંઇ ખોટો છે ? પ્રેમરાયને પચાસ હજાર પહેરામણી આપવા કરતાં અહીં તેટલી પહેરામણી આપવી સારી છે. પ્રેમરાય સાધારણ પંકતીનો છે ને વળી લાલચમી છે તેના કરતાં આ ઘણું સરસ છે માટે જાવ મારે કબુલ મંજુર છે. લગ્ન પણ તાકીદથી લેવડાવજો આ વાત બહાર પાડશો નહિં, પાછળથી બધા જાણશે તો કાંઈ વાંધો નહિં આવે કદાચ આગળથી કોઇ જાણી જાય તો બીજો કોઈ જઇ વીવાહ કરી આવે તે આપણે લટકતા રહીએ અને પેલા પ્રેમરાય લાલના ફંદે પડવું પડે માટે ચુપાચુપ સઘળું કરજો, કે કોઇ જાતનો વાંધો આવતો અટકે.

આ પ્રમાણે નકી થઈ એટલે એકદમ વિવાહ નકી કર્યો અને તેજ દીવસે લગ્નનું નકી કર્યું અને તેજ વખતે ગુપચુપ રીતે લગ્ન કરી નાખ્યા પછી લગ્ન થઇ રહ્યા પછી થોડીક વારમાં પ્રેમ-

રાયને ખબર પડી કે મહિલાનાં લગ્ન મદન સેઠના દીકરા ભલાભાઇ સાથે થઇ ગયાં તેવી ખબર સાંભળી એટલે તેના દીલમાં ઘણીજ અફસોસાઇ ભરાઇ ગઇ અને વિચાર કરવા લાગ્યો કે મેં આટલા આટલા પૈસા ખરચ્યા મહેનત કરી છતાં આ પ્રમાણે બનાવ કેમ બન્યો હશે ? એમ એમ વીચાર કરવા લાગ્યો છેવટે પોતાના મનને એમ ખાત્રી થઇ કે ખેર લગ્ન ન થયાં તેમાં શું થઇ ગયું તેનું દીલ મારા ઉપર બરાબર છે. વળી લીલીઓ મારૂં કામ જરૂર કરી આપશે માટે ફીકર નહિ, લગ્ન કરતાં તેની સાથે પ્રિત રહેશે એટલે બસ છે એમ મનમાં ધારી તે રાત આખી વિચારમાંને વિચારમાં પથારીમાં સુઇ રહ્યો અને પોતાના લગ્ન હવે બીજે ઠેકાણે થશે તેવું પોતે મનમાં નક્કી કર્યું અને તે રાતે જેમનો તેમ પથારીમાં સુઇ રહ્યો.

બીજે દીવશે સવારમાં પથારીમાંથી ઉઠયો એટલે તેનાં માબાપે તેને મહિલાના લગ્ન વીશેની સઘળી વાતચીત કેરી એટલે. પ્રેમરાય બોલ્યો.

ઠીક કાંઈ નહિ બીજે તજવીજ કરજો, એમ કહી રહી ગયો શું કરે માબાપના મોઢે વિશેષ બોલી શકાય નહિં ગયા પછી કાંઈ વળે તેવું નહોતું તેથી તે કાંઇ વિશેષ બોલ્યો નહિ અને ચુપકીથી સાંભળીને બેશીજ રહ્યો થોડો દીવસ ગયો અને દસ વાગી ગયા એટલે લીલીઓ તેની પાસે આવ્યો અને બોલ્યો,

અરે ભાઇશાબ તેના માબાપોએ તેના લગ્ન મહા મુશીબતે ભલાભાઇની સાથે કરાવ્યા છે તે તો બીચારી બીલકુલ ના પાડતી હતી પણ શું કરે માબાપના મોં આગળ તેનું શું ચાલે પણ ફીકર નહિ, તે તમારા ઉપર બરાબર રાજી છે તે તમને ઘણી ચાહાય છે.

આ પ્રમાણે કહ્યું એટલે અક્કલ હીંણને વળી જરા વધારે હીંમત આવી અને બોલ્યો.

અમ્મે તેમ કરી તું એક રાત તેને મારી પાસે લાવ કે મારો સઘળો ખુલાસો થઇ જાય, લીલી બોલ્યો.

તમે સબુર કરો ગમે તે ઇલાજ સોધી હું તેમને તમારી પાસે જરૂર લાવું છું તે તો ચારે પગે તમારી પાસે આવવા તૈયાર થઇ ગઇ છે સમજ્યા મહેરબાન એતો બીચારી બહુજ ચાહાય છે, પ્રેમરાય બોલ્યો.

જા જા તું તારે તેને અહિંયાં લાવવાની તજવીજમાં રહેજે. એટલુંજ કરીશ એટલે સઘળું થઇજ ગયું હું એમ સમજીશ, લીલો બોલ્યો.

તમે તમારે બેફીકર રહો, એ ચિન્તા હવે મને છે, હું એ કામ ન કરૂં તો મારી ઉસ્તાદીમાં પાણી ફરી જાય સમજ્યા, અમને અમારો ટેક વહાલો હસે. પ્રેમરાય બોલ્યો.

ઠીક ત્યારે હું જાઉ છું (સ્વગત) છે તો પાણીદાર ઘરમાં લાવ્યા વિનાતો નહિંજ રહે. (પ્રકાશ) વારૂ ત્યારે ભુલતો નહિં હો કે, જા જવું હોય તો, આ પ્રમાણે કહું એટલે લીલીઓ પોતાના શેઠને ઘેર ગયો. પ્રેમરાય બળેલો હતો તે જરા આ વાતથી ટંડો થયો અને તેના મનને મહિલા મળવાની ધીરજ આવી મહિલાના લગ્ન થયાં પછી થોડા રોજમાં પ્રેમરાયનાં લગન ભલાભાઇની બહેન શાંન્તા સાથે કર્યાં.

આ લગ્ન થવાથી પ્રેમરાય તદન નાખુશ હતો, શાંન્તા મહિલાથી રૂપ, રંગ, ડોળ, વિગેરેમાં ઉતરે તેવી નહોતી, પરંતુ પ્રેમરાયનું દીલ મહિલાપર અસલથીજ હતું અને તે તેને બહુજ

ચાહતો હતો તેથી તેને બીજી કોઇ છોકરી પ્રસન્ન આવતી નહિ, છતાં પ્રેમરાયના બાપે જોરજુલમથી શાન્તા સાથે તેનાં લગન કીધાં.

આ લગન થયાં પછી પાછો વિચાર કરવા લાગ્યો કે ઠીક છે હજુ પણ બાજી મારા હાથમાં આવશે કારણ કે તે હવે મારા સાળાની વહુ બની એટલે હું તેનો નણદોઇ થયો, તેથી તે હર કોઇ પ્રસંગે મારા ઘરમાં આવશે, તે મારા ઘરમાં આવશે એટલે મારા દીલની ઉમેદ જરૂર પાર પડશે, તેમ છતાં નહિં ફાવું તો મારી બઇરીના હાથે સર્વ કામ કરાવીશ અને હું તેને મળતો રહીશ. તેથી પણ નહિં ફાવું તો લીલીઓ મારો બહાદુર છે તે મારૂ કામ જરૂર કરી આપશે. ભલે ભીખ માગતો થઈ જાઉં તો પણ શું થઇ ગયું, મહિલાને એક વખત મેળવવી એ વાતતો ખરીજ, એમાં તો કીંચિત માત્રનો પણ ફેર પડે નાહિ. તેમ મને ગમે તે પ્રકારે મળશે, મળ્યા વિનાતો રહેશેજ નહિં. વળી તેનો પ્રેમ મારાપર આબાદ છે, તેણે મારી સાથે લગ્ન કરવા તેના માબાપ રૂબરૂ કહ્યું હતું અને તેની સાથે લગ્ન કરવા તેણે સાફ ના પાડી હતી. પરંતુ તેના માબાપે માહા મુસીબતથી લગ્ન કીધાં છે પણ ખેર મ્હારા લગ્ન તેની સાથે નહિ થયા તો શું થઇ ગયું. તેનો પ્રેમ સાચો છે એટલે બધા જખ મારે છે.

આ પ્રમાણે આવાને આવા વિચારમાં "પ્રેમરાય" આખો દીવસ ઝરૂખામાં જેમનો તેમ બેસી રહેતો, વાજુ પણ બીલકુલ વગાડતો નહિં અને શોકાતુર ચહેરે આખો દીવસ બેસી રહેતો. આ પ્રમાણે લગભગ પ્રેમરાય છ માસ સુધી જેમનો તેમ રહયો બાદ થોડા વખતમાં તેની મા અને તેનો વૃધ બાપ ગુજરી ગયા, જેથી તે બે ફીકરો થઇ આખા શેહેરમાં ફરવા લાગ્યો. કોઇ શીખામણ દેનાર તેને રહ્યું નહિ. પછી પોતે પોતાના સાસરે વધારે જવા શીખ્યો, સાસરે જ-

વાનું કારણ માત્ર "મહિલાના" સબબથીજ હતું તેથી તે આખો દીવસ સાસુ પાસે જઇ બેસતો અને ખોટી ખોટી બડાઇયોની ડંગો મારતો "પ્રેમરાય" જ્યારે આવતો ત્યારે "મહિલાતો" તેના સામું પણ જોતી નહિં, ત્યારે પ્રેમરાય પાણી પીવા સારૂ માગતો ત્યારે તે વખત ત્યાં "મહિલા" હાજર હોતી તેથી તે પાણી લાવી તેના મોં આગળ મુકતી આ રીતે તેણે લગભગ છ માસ સુધી કર્યું પરંતુ "મહિલા" સાથે તેને વાતતો શું પણ મ્હો સરખુ પણ જોઈ શકાયું નહિ તેથી તે એમ સમજ્યો કે તે પોતાના સાસરાના ઘરમાં છે એ-ટલે તે મારી સાથે હસી ખુસીથી વાત કરતી નથી. જો તેમ ન હોય તો તે વાત કર્યા વિના રહેજ નહિ તેમ તે ધારતો હતો.

એક દીવસ એવો બનાવ બન્યો કે "પ્રેમરાયના સાસરે કાંઇ ટાણું હતું તેથી જમણવાર કર્યો હતો તે દીવસે "પ્રેમરાય" જમવા ગયો નહોતો તેથી તેની સાસુ તેને મનાવવા આવી, પરંતુ "પ્રેમરાયે" તો મનમાં એમ ધાર્યું હતું કે જમવા નહિ જાઉ તો મારા માટે ભાણું "મહિલા" લઈ આવશે એટલે તરત મારૂ કામ થશે, એવો વીચાર ધાર્યો હતો તેથી તે દીવશે બીલકુલ જમવા ગયો નહિં રાત્રી થઈ એટલે "પ્રેમરાય"ની સાસુએ તેનું ભાણું પુરી શાંન્તાને આપ્યું અને કહ્યું કે આ ભાણું પ્રેમરાયને આપી આવ.

ભાણું લાવતાં પહેલાં એવો બનાવ બન્યો હતો કે શાંન્તાએ તેની ભોજાઇને પેહેરવાનો સાલ્લો ઘરમાં પડયો હતો તે પેહેર્યો અને તે પેહેરી પોતાના પતિ માટે ભાણું લઇ આપવા આવી. તે વખતે "પ્રેમરાય" ઝરૂખામાંથી "મહિલા" રાહ જોતો હતો કે ક્યારે ભાણું લઇ આવે અને મારૂં કામ થાય. તેમ ધારી ઝરૂખામાં બેઠો હતો તેવામાં શાન્તા આ ડ્રેસે તેની નજરે પડી અને આ વખતે શાન્તાએ

સાસરાનો મેહેલો જાણી માંથે આધું ઓઢયું હતું, વળી અધુરામાં પુરી સંધ્યાકાળ પડી ગઈ હતી તેથી સાંકળ ઠોકી બારણું ઉઘાડયું અને મકાનમાં દાખલ થઇ અને લાવેલું ભાણું બાજુપર જાઇ મુકી દીધું, એટલે પ્રેમરાય બોલ્યો.

"રસિક, રંગીલી, છબીલી, લટકાળી, છટકાળી તું તો ઘણીજ મોંઘી થઇ ગઇ છે, તારા દરસનનો પણ અમને લાભ મળવો દેવતાને દુર્લભ છે. શું મેં તારૂં બગાડયું છે કે બે પત્ર લખ્યા પછી પત્ર પણ લખતી નથી, તેમ મહારી સાથે ખુશીથી વાત સરખી પણ કરતી નથી, તને જોઇને મારા હૃદયને એકદમ આનંદની લેહ ઊછાળ મારે છે તને જોઇને મારૂં અંતઃકરણ એકદમ શાંન્ત થાય છે. રસિલી તેં કોમળ વેલો ઉછેરવા પાણી રેડયું, વેલો થોડે થોડે મોટો થવા આવ્યો અને જ્યારે ફુલને બેશવાની વખત આવવા માંડી એટલે શું તું પાણી વેલાને નહિજ રેડે શું તું વેલો તદ્દન સુકાવીજ નાંખીશ વેલો વાર્યો તો વાવી જાણ અને ફુલને ઉપર બેસાડ, કે સમસમાટ હવા સઘળે ફેલાઈ જાય. વહાલી હું જાણું છું કે તેં આપણા બનેના લગ્ન માટે ઘણીજ પેરવી કરી હતી પણ લાચારીથી તે તારાથી બની શકયું નથી.

આ પ્રમાણે કહ્યું એટલે શાંન્તા એકદમ ચમકી અને વીચાર કરવા લાગી કે આ કોને કહેતા હશે લગ્ન શું વાત શું આ બોલે છે શું તેમને વાયુ તો નહિ ચઢયો હોય પણ ફીકર નહિ એક વખત બધું મને સાંભળી લેવા દે પછી જોઇ લેવાશે આ પ્રમાણે વીચાર કરી પ્રેમરાય શબ્દ બોલતો હતો તે સાંભળવા લાગી વ્હાલી તારો પ્રેમ સાચો છે છતાં આ પ્રમાણે કરી મને નાહક શું કામ તસ્દી આપતી હઇશ વ્હાલી તસ્દી આપ્યા વિના બોલો !

રસિલી બોલો ! અને આ પ્યાશને એકદમ ખુશી કરી દો કે સળ-ગેલું હૃદય શાંન્ત થાય ! તેનો હાથ ઝાલી મોઢે લગાડી બોલ્યો ? વ્હાલી મહિલા એક ચુમ્બી આપી આ પ્યારાને ભેટ, અને સળગેલો દવ બુઝવ કે સઘળે શાન્તી શાન્તી થઇ જાય ” શાન્તા ઝબકીને બોલી

એ શું બોલ્યા, મહિલા શી ! રસિલી શી ! આ શું બોલો છો મહિલાને ને તમારે શું છે ? તમે શા ગોટા વાર્યાં છે ! હું ક્યારની ઉભી ઉભી સાંભળ્યા કરૂં છું તમારી મરજી ફાવે તેમ કરો હવે તમને કોઇ કહેનાર રહ્યું છે ? શા ઢોંગ માંડયા છે ? પ્રેમરાય બોલ્યો.

“ અરે એ તો હું તને કહેતો હતો, ગાંડી એટલું પણ ન સમજી તું ઘણે દીવસે આવી હતી અને બોલતી નહોતી તેથી મેં તને બે અક્ષર કહ્યા છે તેમાં શું મારા ઉપર ચીડવાઇ જાવ છે ! ગાંડી મારે તારા વિના બીજું કોણ છે ? કે હું તેને કહું હું તો તારી બે ઘડી મશકરી કરતો હતો ખરે તુંતો ગાંડા જેવીજ લાગે છે. મશકરીમાં પણ સમજતી નથી મેં તો તને જાણી જોઇને કહ્યું હતું ખાસ તારૂં પારખું જોવા સારૂજ કહ્યું હતું. સમજી ?

આ પ્રમાણે પ્રેમરાયે શાન્તાને ઘણું કહ્યું પરંતુ શાન્તાના મનને તો ખાત્રીજ થઇ ગઇ હતી કે આ તો “ મવિલાની ” સાથે જરૂર બગડયા છે, તે દરરોજ મારા પીયર આવતા હતા તેનું કા-રણ માત્ર એજ હતું. હવે આ વાત મારા સમજવામાં પુરેપુરી આવી ગઈ, પણ ફીકર નહિ હું પણ હવે જોઉછું કે એ કેવા સુખે રહે છે.

એમ કહી ભાણું ત્યાંને ત્યાંજ પડતું મુકી પોતાને પીએર એકદમ ચાલી ગઇ. આટલી વાત બની હતી છતાં પણ “ પ્રેમરાય ” ના મનમાં જરાપણ એમ નહોતું કે મારી સ્ત્રી આ વાતથી ચેતી ગઇ છે.

શાન્તાના ગયા પછી પ્રેમરાયે ઇશ્વરલાલના નોકર લીલીઆને

બોલાવ્યો અને તેને કહ્યું કે, ગમે તે યુક્તિ રચી મહિલાને તું મારી પાસે બોલાવી લાવ અને તારે જે જોઇએ તે હું તને આપું પરંતુ આટલું કામ ગમે તેમ કરી કર અને તેને સમજાવી મારી પાસે લાવ.

અહિ પ્રેમરાય લીલીઆ સાથે વાત કરે છે અને ત્યાં શાન્તા ગઇ એટલે "મહિલાએ" પૂછ્યું કે કેમ ખાવાનું રાખ્યું કે નહિ. આ પ્રમાણે કહ્યું એટલે શાન્તાને પેલા વ્હેમનો પાકો ટેકો મલ્યો કે તેમનો બંનેનો સંબંધ છે. તેમ ધારી શાંન્તા મહિલા સાથે બેસુતમ વઢવા લાગી, જેથી "મહિલા" આંખમાં આંસુ લાવવા સુધી વીલા બની ગઇ અને તકરાર થવાથી એકદમ પોતાના પીએર ચાલી ગઇ.

પ્રેમરાયે ઝરૂખામાંથી "મહિલાને" તેને પીએર આવેલી જાણી લીલીઆને કહ્યું—

"લીલા અત્યારે લાગ સારો છે! મહિલા આવી પહોચી છે! જો અત્યારે તું અહિં મોકલીસ તો કોઈ પણ જાતનો વાંધો આવે તેમ નથી. માટે તું એકદમ તેની પાસે જા અને યુકિત રચી તેને અહી મોકલ અને તારા મન ફાવતું ઇનામ મેળવી લે"

લીલો બોલ્યો—"જુઓ ત્યારે તમારે તેમને હાલને હાલ અહિં બોલાવવા હોય તો પેહેલું મારૂ ઇનામ આપો."

પ્રેમરાય બોલ્યો—"શું ઇનામ બોલને, તું કહે તે આપું."

લીલો બોલ્યો—"આ ઘર શિવાય ઘરમાં જેટલી સોનારૂપાની ઝવેરાતની ચીજો હોય તે તીજોરી સહીત આપી દો? પ્રેમરાય બોલ્યો.

"આપી દઉં પણ તું શી યુક્તીથી અહિં મોકલીશ તે તો મને કહે? કે જાણું તો ખરો કે, લીલીઓ હુશિયાર છે. લીલો બોલ્યો.

"જુઓ યુક્તી તો એ કે તમારા સાસરેથી જમવાની ચીજો આવી હતી તેના વાસણ આપવાનું બાહનું કાઢી તમે તેને બોલા-

વજો એટલે તે જરૂર તમારી પાસે આવશે અને તમારૂં કામ ખુશીથી થઇ જશે. હું તેને તેના ઝરૂખામાં ઉભી રાખું છું કહો ચાલાકી બરોબર છે કે નહિં ?" પ્રેમરાય બોલ્યો.

" નહિ લીલા તારી હુંશીયારી તો બરાબર છે. તારી અક્કલની વાત માહારાથી થવાની નથી. તારી અક્કલ છે એ ખરી છે." લીલો બોલ્યો.

ત્યારે લાવો ઇનામ પછી તજવીજ કરૂં કે તમારૂ કામ સત્વર થઇ જાય" પ્રેમરાય બોલ્યો.

" ઘણી ખુશીથી શા માટે નહિ "

એમ કહી તીજોરી ખોલી સર્વ માલ તેને ગણી બતાવ્યો, પછી તીજોરી બંધ કરી લીલાઆને તે સઘળુ લઇ જવા ફરમાવ્યું એટલે લીલીઓ તીજોરી ઉઘાડી પરભાર્યો પોતાના ઘર તરફ ગયો. અને તીજોરીનું ઠેકાણું કરી પોતાના શેઠને ઘેર તુરત પાછો આવ્યો અને વિચાર કરવા લાગ્યો.

(સ્વગત) મહિલાને ઝરૂખામાં તો વાસીદું વાળવાનું બહાનું કાઢી ઉભી રાખીશ, પરંતુ તેતો વાંસણનું બાનું કાઢી બોલાવસેજ માટે શો ઇલાજ કરવો. ઇલાજ તો માત્ર એકજ છે કે "મહિલાને" વીછી ઉતારતાં આવડે છે, માટે એક વીછી ગમે ત્યાંથી પકડી લાવી મારી કને રાખું એને "મહિલાના" નાના ભાઈને વીછી કરડાવું કે તુરત બુમો મારશે. એટલે ઇશ્વરલાલ મને પુછશે કે " મહિલા કયાં છે ? તો હું કહીશ કે તેતો તેના સાસરાના વાસણ લેવા " પ્રેમરાયને " ત્યાં ગઇ છે. માટે એકદમ બોલાવી લાવો મેં અહીં કરડેલી જગ્યાએ બરાબર દબાવી રાખ્યું છે કે તેને વીંછી ચઢી જાય નહિ તેવું કહીશ એટલે તે " મહીલાને

એકદમ બોલાવી લાવશે. અને તેનો પતિવ્રતા ધર્મ સચવાશે અને હું સાચો પણ ઠરીશ. વળી તેને મારા ઉપર વીસવાશ પણ વધારે બેસશે. અને આગળ ઉપર તેનું ઘર લખાવતાં અને અડચણ પણ નહિં આવે.

એમ ધારી ઉપર પ્રમાણે સર્વે તજવીજ કરી, એટલે પ્રેમ-રાયે વાસણનું બાનું કાઢી " મહિલાને " બોલાવી એટલે ભોળેભાવે " મહિલા " " પ્રેમરાય " ના મકાનમાં જવા નીકળી અને પ્રેમરાય ના મકાન સુધી પોંહચવા આવી એટલે લીલીઆએ પેલા છોકરાને વીંછી કરડાવ્યો એટલે છોકરાએ બુમા બુમ પાડી મુકી એટલે કરડેલી જગીઆએથી લીલીઆએ તેને સખત પકડી રાખ્યો અને ઇશ્વરલાલે વીંછી ઉતારવા સારૂ મહિલા કયાં છે એમ પુછ્યું, ત્યાં રે લીલીઆએ પ્રેમરાયને ત્યાં ગયાંનું કહ્યું કે તે તેના સાસરાના વાસણ લેવા પ્રેમરાયને ત્યાં ગએલી છે, માટે તુરત બોલાવી લાવો તેમ કહ્યું એટલે એકદમ ઇશ્વરલાલ પ્રેમરાયના ઘર આગળ ગયો અને મહિલાને હાંક મારી કહ્યું, કે ભાઇને વીંછી કરડયો છે માટે એકદમ દોડતી આવ, એમ કહ્યું એટલે " મહિલા " વાસણ લીધા શિવાય દોડતી આવી એટલે લીલાએ જાણ્યું કે કામ તો ફતેહ થઇ ગયું છે. મારો વાંક હવે બીલકુલ નીકળવાનો નથી લગભગ તે ના બાપની પંદર લાખની તમામ મુંડી પચાવી પડયો છું.

હવે ફકત તેનું ઘર એકલું રહ્યું છે, માટે ઘર લખાવી લેવું અને સઘળી ચીજો ખુશીથી આપી છે એવો દસ્તાવેજ કરાવી લેવો, તેવો વિચાર તેણે પોતાના અંતઃકરણમાં ધારી પ્રેમરાય પાસે ગયો અને આસ્તેથી બોલ્યો.

(જાણી જોઇને) કેમ આજે તો કામ ફતેહ થઇ ગયુંને પ્રેમરાય બોલ્યો.

" અરે પાછું વિઘ્ન આવી નડ્યું, તેનો ડોસો તેને તરત જ બોલાવવા આવ્યો અને બોલ્યો કે તારા ભાઈને વીછી કરડ્યો છે માટે દોડ દોડ એમ કહી બોલાવી ગયો, માટે આ વખતે પણ હું તો ફાવ્યો નહિ; લીલા મારે તને હરવખતે તસ્દી આપવી પડે છે!"

લીલો બોલ્યો " કાંઇ નહિ શેઠ હું તો તમારો નોકર છું એમાં તસ્દી શાંની છે, ક્યાં આપ મફત કામ કરાવો છો મને મારી મહેનત આપો છો અને કામ કરાવો છો તેમાં શું થઇ ગયું, બેધડકથી કામ બતાવજો ગભરાશો નહિ. " પ્રેમરાય બોલ્યો.

એમ છે જો ત્હારામાં ! હીમ્મત હોય તો તું મને એક વખત મેળવ, હવે મેળવે તો તો ભુલું જ નહિ, પણ હવે તું મને વગડામાં મેળવી આપે તો ઠીક.

લીલો બોલ્યો–" હા તેમ કરૂં પણ મારૂં ઇનામ. "

પ્રેમરાય બોલ્યો–" અલ્યા હજી તારૂં ઈનામ બાકી છે કે, લોહી ઘુસડીને તો તને આપી દીધું હવે શું ઇનામ માગે છે ! હવે તો આ ઘર શિવાય બીજુ કાંઇ રહ્યું નથી. " લીલો બોલ્યો.

" કામ કરાવવાની ખુશી હોય તો ઘર લખી આપો ? "

પ્રેમરાય બોલ્યો (સ્વગત આમે કરવું તારે અધુરૂં શું કામ મુકવું જે થનાર હશે તે થશે, એ રસિલી મળશે એટલે ઘર અને મીલ્કત તમામ મને મળીજ ચુક્યું હું એમ સમજીશ. માટે કરવા દે કબુલ, એમ ધારી બોલ્યો (પ્રકાશ) " લીલા જા કબુલ છે. " લીલો બોલ્યો.

" ત્યારે લખી આપો સ્ટાંમ્પ ઉપર " પ્રેમરાય બોલ્યો.

" ઘણી ખુશીથી એમ કહી બે સ્ટાંપના કાગળ લાવ્યા એક કાગળમાં ઘર લખાવી લીધું; અને બીજા કાગળમાં બક્ષીસનામું કરાવી લીધું ને રજીસ્ટટર કરાવ્યું પછી લીલો બોલ્યો.

" જાવ શેઠ કાલે હું વેગડામાં ધીરાબાવાના મઠમાં મહિલાને મોકલીશ. બપોરે બે વાગે ત્યાં આવશે; માટે ત્યાં સવારથી જઇ બેસજો અને પછી જેમ મનમાં ફાવે તેમ કરજો; આ દાવ ચુકશો તો પછી થઇ રહ્યું; મને મહેનત તમે બહુ કરાવી છે. "

પ્રેમરાય બોલ્યો.

" હા; લીલા તેં મહેનત બહુ કરી છે; તારો ગુણ હું નહિ ભુલું; તેં ગુણ કર્યો છે એટલો ગુણ મને આખી પૃથ્વીમાં કોઇ કરનાર નહિં મલે. " લીલો બોલ્યો.

(સ્વગત) હા; મારા જેવો ગુણ કરનાર તને હવે કોઇ નહિ મળે; હવે કોણ મળે; કોના ભોગ લાગ્યા છે કે હવે તને લુખાને મળશે પાપી તને તો એજ સજા બરોબર છે તારા પૈસા આવેલા અડધા ધર્માદા કરી નાંખીશ, પણ તને તો મેં આ સજા કરી છે તે બરાબર કરી છે મેં મારા શેઠની છોકરીને પતિવ્રતા ધર્મમાં રાખી અને કુચાલે ચલાવી નથી. તો પ્રભુ મારા પર સદાકાળ રાજીજ છે. તારા જેવા પાપીઆને આ સજા કરી છે તેથી પ્રભુ ખુશ રહેશે.

(પ્રકાશ)

" લ્યો તારે શેઠ હું જાઉ છું. લ્યો રામ રામ છે. કાલે બરાબર બપોરે બે વાગે ધીરા બાવાના મઠમાં " મહિલા " જરૂર આવશે. માટે હવે ભુલશો તો તમે જાણ્યા. હવે મને આખો દહાડો મેહેનત બીલકુલ આપતા નહિ. હું તો હવે તમાસથી કંટાળી ગયો છું. " પ્રેમરાય બોલ્યો.

"જા બાપુ જા, તને મહેનત વધારે આપી છે પણ આટલું ચુકીશ નહિ, ત્યાં તો હું બેડો પાર કરી નાંખીશ સમજ્યો ને?
લીલો બોલ્યો.

જી હાં સમજ્યો, બરાબર બેડો પાર થઇ ગયો, કયારનોએ, એમાંતો ભુલ પડે. લ્યો રામ રામ એમ કહી લીલો પોતાના શેઠના ઘરમાં દાખલ થયો અને વીચાર કરવા લાગ્યો કે, કાલે શાન્તાને બાવાના મઠમાં મોકલવી અને તેને બરાબર બનાવવો અને આજથી આપણે પણ અહીંથી નીકળી જવું અને છુપી રીતે રહેવું અને તેમ ની શું વલે થાય છે તે જોયા કરવી. એવો વીચાર ધારી પોતાના શેઠના ઘરના કામમાં વળગી પડયો.

બીજે દીવસે લાલીઓ સવારના પોહોરમાં ઉઠયો અને શેઠના ઘરનું તમામ કામ કરી લઇ નવરો પડી શાંન્તાના પીએર તરફ ગયો અને કહેવા લાગ્યો.

"શાંન્તા બેહેન આજ બપોરે પ્રેમરાયભાઇ વગડામાં ધીરા મહંતના મઠમાં બે વાગે વાયદો સાચવવા જવાના છે, માટે જો તમારે તેમને તેવા કામમાંથી બચાવવા હોય અને તેમની જીન્દગી અને આબરૂ સાચવવી હોય તો, તમે બરોબર અઢી વાગે ત્યાં જજો આ બાબતથી ફસાતા તેમને બચાવજો બા આપણે તો જરા ગનેહને વાત સાંભળી તેથી તમને કહ્યું છે. એ તો તમે અમારાં "મહિલા" બહેનના નણંદ થાવ છો, તેમાં તમને આટલી વાત કરી છે નહિ તો મ્હારે કાંઇ કહેવાની જરૂર ન હોતી." શાન્તા બોલી.

"ભાઇ તેં મને ખબર આપી છે તે હું તારો મોટો પાડ માનું છું મ્હને જરા વ્હેમ તો છે પણ આજ મને પુરી ખાત્રી કરવા દે પછી જાણું છું જો એ કેવા બગડે છે."

"આ જવું હોય તો જજો આપણે તો કહ્યાના સરીગત, મ્હારે તો તમને કહેવું એ મેં મારી ફરજ બજાવી છે, પછી કરવું ન કરવું તે તુમારી મરજી ઉપર છે."

આ પ્રમાણે વાત કરી લીલીઓ એક હુશીઆર વેશ્યાના ઘર આગળ આવ્યો અને તેની પાસે નાચ મજરો કરાવ્યો અને તેને એક સો રૂપિઆ ઇનામમાં આપ્યા અને બોલ્યો.

"હીરાજાન આજ તમને એક કામ બતાવવાનું છે. બોલો તે તમારાથી થશે?"

"હજુર ઘણી ખુશીથી આ દાસી કામ કરવાને તૈયાર છે. ફરમાવો હજુર શો હુકમ છે." લીલીઓ બોલ્યો.

"કામ કરશો તો તમે પૈસા સારા પેદા કરશો, પણ જરા મુશ્કેલી પડશે જુઓ વગડામાં ધીરા મહંતના મઠમાં એક શેઠીઓ આવ્યો છે તેને નાચ મજરો અને બીજો શોખ ઘણો છે માટે તું તેને ત્યાં જઇને નાચ મજરો કરી મીલાવી લેજે. તે તને ના કહેતો હશે પરંતુ તારે તો એમજ સમજવું કે તે માહરા પર પ્રેમ બતાવે છે. તેને નાના કહેવાની ટેવ છે. માટે ના કહે તોપણ તું તેને છોડીશ નહિ. અને ફકત એમજ કહ્યા કરજે કે કયાં જાઉ, જ્યાં તમે ત્યાં હું. હું તો આપનાથી જુદી પડનાર નથી. આવું કહીશ એટલે તે તારા ઉપર ખુશ થઇ જશે અને તને કહેશે કે હું તો તારી પરિક્ષા જોતો હતો એમ કહી તને ઇનામ આપશે. વળી ત્યાર પછી એક સ્ત્રી ત્યાં આવશે તે સ્ત્રી ત્યાં આવે, એટલે તું તેને જરા વધારે ઘેલ કરજે, તે સ્ત્રી તારી સાથે લઢવા આવે તો તું તેને કહેજે કે આતો મ્હારા શેઠ છે હું તેમને છોડનાર નથી. આ પ્રમાણે સઘળું કહીશ તો શેઠ તને ઓછામાં ઓછા એક લાખ રૂપિઆ ઇનામ

આપશે. પણ તું દોઢ વાગે બરોબર જજે, ખરાબ કપડાં પહેરીશ તો તે ઇનામ નહિ આપે. અને તરછોડી કાઢી મુકશે માટે કોઇ કામમાં ભુલીશ નહિ. ચાલાકી રખી કામ કરજે, હું તો તારો હેતરવી છું. બીજો હોય તો તને આટલું બધું કહે પણ નહિ, આતો માહારે ને તાહારે પહેલાંની મોહોબત છે તેથી કહું છું સમજી કે !" હીરાજાન બોલી.

"અરે શેઠ સાહેબ એ શું બોલ્યા, મારી ચાલાકી ઓર છે અરે એક બોલમા તેને છક બનાવી દઉં, તોજ મારૂ નામ હીરા. સમજ્યા મેહેરબાન, મને કાંઇ વધારે કહેવું પડે તેમ નથી."

ત્યારે તું જાણે, હું તો તને કહું તે જાણું. મને તો તું દીલમાં બળતી હતી તે કહ્યું છે. તું રળે તો મ્હારે ફાયદો છે ત્યારે સારૂં તો મહારે સારૂં છે. પણ........મહારૂ નામ ત્યાં ન આવવું જોઇએ સમજી ?"

"અરે એ શી વાત બોલ્યા, તમારૂ નામ તે લઉં, હું કાંઇ એવી મુર્ખ નથી કે તમારૂ નામ લઉં અને તમને ફજેત કરૂં. હું ત્યાં જઇશ તે મારી ચાલાકીથી જઇશ." લીલો બોલ્યો.

"લે તારે હું જાઉં છું, હું તને પરમ દીવશે અગર ચોથે દીવશે મળીશ."

એમ કહી ડીલો પોતાના શેઠને ત્યાં આવ્યો. અને એકદમ કાંઇ બાનું શોધી કાઢી રજા મેળવી બીજા મેહેલ્લામાં એક મકાન ભાડે રાખી ત્યાં રહેવા લાગ્યો અને આ બાબતની બાતમી તે મેળવવા લાગ્યો અને ચુપકીથી રહેવા લાગ્યો.

એક વાગ્યો એટલે પ્રેમરાય ફાંકડો ડ્રેસ પેહેરી ધીરા મંહતના મઠમાં ચમક ચમક કરતો આવી ઉભો રહ્યો. તેને આવે અડધો

કલાક થયો નહોતો. એટલામાંતો આ હીરાજાન દુરથી આવતી જોઇ "માહિલા" છે એમ સમજી એકદમ તેના સામો તેને બોલાવવા દોડયો અને બોલ્યો.

આવો વ્હાલી હું, ક્યારનો તમારી રાહ જોઉ છું. તમે વચન નાં તો સાચા છો. તમારી પ્રેમદ્રષ્ટી મારા પર પુરે પુરી છે, વ્હાલી ઘણી વખત વચમાં સાલ આવી નડયાં હતાં, પણ આજ પ્રભુએ સારો તાકડો મેળવી આપ્યો છે, આજ તાહારૂ અને મહારૂં હૃદય પુર્ણ રીતે શાન્ત થશે." હીરાજાન બોલી.

(આધુ ઓઢીને) હા વ્હાલા, તમને તસ્દી ઘણી વેઠવી પડી છે, મારે માટે અનંત્ય દુઃખ ભોગવવાં પડયાં છે, પણ ખેર આજ સઘળી મેહેનત મજરે પડી છે, વ્હાલા ગભરાશો નહિ, હું આખી જીન્દગીપર્યન્ત આપનીજ છું. "પ્રેમરાય" વીચાર કરવા લાગ્યો.

" આ " મહીલા " બોલેછે કે બીજું કોઇ બોલેછે " મ- હિલા " જેવો સ્વર તો ન હોય, આ સ્વરતો કોઇ અજાણ્યો લાગે છે. એમ ધારી બોલ્યો તમે કોણ છો તમારૂ મુખડુ દેખાડો ? "

" પ્યારા એ તો હું આપની દાસી. " પ્રેમરાય બોલ્યો.

" અરે હું તને કયાં શોધતો હતો હુંતો માહારી પ્યારીને શોધતો હતો વળી તું કયાંથી વચમાં નડી. "

" ત્યારે હું મારા પ્યારાને શોધતી હતી તેમાં તમે વળી વ- ચમાં આવી કયાં નડયા આ પ્રમાણે રગઝગ લગભગ આશરે પો- ણો કલાકના સુમાર સુધી ચાલી એટલે શાન્તા આવી ઉભી રહી તને પણ દુરથી આવતી જોઇ " મહિલા " સમજી ઘાંટો પાડી બોલ્યો—વ્હાલી " મહિલા " ત્હારે માટે મારે આંની સાથે ભારે તકરાર થાય છે અત્યાર સુધી તું કયાં હતી ?

આ પ્રમાણે કહ્યું, તે શબ્દે શબ્દ શાન્તાએ બરાબર સાંભળ્યા હતા શાન્તા એકદમ બોલી ઉઠી.

" તમે બાપ દાદાની આબરૂને ધોકો પોચાડવાના સાધનો ઠીક હાથ લઈ બેઠા છો. તમને જરા પણ શરમ નથી. તમારી કુચાલ બીલકુલ દુર થઇજ નહિ અને સદાકાળ ભમતાજ રહ્યા. "
પ્રેમરાય બોલ્યો.

" વળી તું અહિ ક્યાંથી આવી તને અહિં કોણે બોલાવી હતી તે આવી તારૂ અહિ શું કામ હતું ? શાન્તા બોલી.

" ના મારૂ કામ નહિ, કામ તો તમારૂ બે જણનું, મારૂ કામ અહિ હોયજ નહિ. "

આવું કહ્યુ એટલે શાન્તા અને હીરાજાન મારંમાર સુધી આવી પોહોંચ્યા. હીરાજાને લીલીઆના કહેલા સઘળા વાકયો બે ધડકથી કહ્યાં એટલે તેને ભારે તકરાર થઇ, હીરાજાને " પ્રેમરાય " ના ધોતીઆનો છેડો ઝાલ્યો હતો તે મહા મુશીબતે પણ તે બીલકુલ છોડતી નહીં. તેથી મહમાંથી જોગીઓ આવ્યાને હીરાને સમજાવી શાંન્તા પાસેથી થોડા દાગીના આપવા માંડયાં, છતાં હીરાએ બીલકુલ માન્યું નહિ છેવટે શાન્તાના સઘળા દાગીના ઉતારી હીરાને આપ્યા ત્યારે છેવટે તેણે તેનો છેડો મુકયો અને પાછી ચાલી ગઇ " પ્રેમરાય " પાસે તો કપડાં સીવાય એક રાતી પાઇ સરખી પણ નહોતી. તેથી પોતાના પતિને બચાવવાની ખાતર અને પોતાના પતિની આબરૂ ન જાય તેટલાની ખાતર પોતે પોતાના બાપના ઘરના તમામ દાગીના ઉતારી હીરાને આપ્યા પછી પોતાના પતિને પોતે હદથી જાદે શીખામણ આપવા લાગી ત્યારે છેવટે "પ્રેમરાય" સમજી ગયો કે પ્રેમ ચીજ છે તે તદન દુન્યાના માણસની જીન્દગી

ખ્વાર કરનારી ચીજ છે, તેમ સમજી બનેલી સઘળી હકીકત પોતાની સ્ત્રીના પાસે કહી સ્ત્રીને વાકેફ કરી પોતે સ્ત્રીની પાસે માફી માગવા લાગ્યો. અને પોતે મુડી ખોઈ બેઠો હતો તેના પસ્તાવાની કવિતા બોલી પ્રભુ પાસે માફી માગવા લાગ્યો.

રળીયામણી ગુજરાત—એ રાહ.

મ્હારા પ્રભુજી પ્રેમ માટે હું પુરો થયો;
મેં લાજ મુકી કાજ ચુકી મદમાં રાજી થયો;
મે મન ખોટી હોંશ રાખી, પાપમાં મેં પગ ધર્યો,
રાજી થતો હું રોજ મનમા પ્રેમ સાથે પરવર્યો;
ભલી ભોળી બાળા જાણે નહિ કંઈપણ હું મનમાં રાચતો
પણ ભુલ કીધી મોટી મેં પ્રભુ સત્યથી નહિ ચાલતો
મુજને મળ્યો એક લીલીયો લુચ્ચો હતો તે તો ઘણો,
ખંખેરી લીધો ખોટું ભાખી, રીઝવી લલચાવતા
ખંત ખોટી રાખી હું તો હોંસથી રાજી થતો
ખોટી ખબરથી ખુશ થાતો પૈસા સાથે આપતો
નીચ દ્રષ્ટી રાખી હોંશથી હું રોજ ફરતો રોફમાં
જ્યાં કહેતા નિત્ય જાતો પ્રેમ ધારી શોખમાં
ગુમાવી મુડી ગાંઠથી મેં ગરજ માટે મન લહી
પણ સમજ્યો નવચિતથી હું આંધળો મનમાં કંઇ

વ્હાલી, મારી ભૂલ ઘણી થઈ ગઇ છે. હું પ્રભુનો મોટો ગુન્હેગાર થયો છું મેં આગળ કાંઈ પણ વિચાર કર્યો નહિ અને આનાકીતુરી ઢોંગમાં ફસાઇ ગયો કેવળ હું ઘેલોજ બની ગયો, ધીક છે મારા અવતારને વ્હાલી જો તું અહીં આવી નહોત તો મ્હારી જીન્દગી ખરાબ હાલતમાં જાત પણ સારા નસીબે હું

તો તેને તો જેલમાંજ મોકલાવો હતે. તેણે મને ખરાબ કર્યો છે, આટલા સુધી તેણેજ મને ગોહોંચાડયો છે. માટે જો કદાચ તે મને મળે તો તેને તો હું જરૂર સજા ખવડાવ્યા વીના તો રહું જ નહિ, શાન્તા બોલી.

" વ્હાલા, તેમાં તેનો શું વાંક છે ?" તેનો વાંક જરા પણ નથી તેણે પોતાના શેઠની દીકરીને આટલા બનાવ બન્યા છતાં અપવિત્ર કરી છે ? જુઓ તમને ઘણાં બ્હાનાં બતાવ્યાં, તમને ઘણે ઠેકાણે લઈ ગયો. પણ પોતાના શેઠની દીકરીને કે તેમને કોઇ રીતે તે વ્યભિચારમાં દાખલ કર્યા છે ? જો તેમ કર્યું હોત તો તેનો મ્હોટો ગુન્હો છે. તેણે તેમ નથી કર્યું માટે મોટો પાડ માનવો જોઇએ તે તો બીચારો તદન નિર્મળ મનનો છે. "
પ્રેમરાય બોલ્યો.

" તેની તને શું ખબર કે તે નિર્મળ મનનો છે. "

શાન્તા બોલી. " અરે તે એવો હોય નહિ તો મને કદી કહેવા આવેજ નહિં સમજ્યા ? પણ મને એમ ખાસ લાગે છે આ ઉપાય તેને તમને સુધારવા માટે જ કર્યા હશે. "

પ્રેમરાય બોલ્યો " વારૂ પ્રિયા તારૂં કહેવું માથે ચઢાવું છું મારી જીન્દગી સુધરી તેથી હું તેનો મ્હોટો પાડ માનું છું. પણ વ્હાલી હું પ્રભુનો એક ભારે ગુન્હેગાર બન્યો છું. વળી તાહરો પણ ગુનેગાર બન્યો છું તેમજ " માલિલાનો " પણ ગુન્હેગાર બન્યો છું, હાય હું આ સઘળું કયાં જઈ છુટીશ પ્રભુ ? મારા કમનસીબે આ મને શું સુઝયું ? બસ હું તો આખા જન્મને માટે કલંકીતજ રહીશ. " શાન્તા બોલી.

વ્હાલા ધીરજ રાખો પ્રભુ સર્વ સારૂ કરશે.

આ પ્રમાણે તેને કહ્યું અને તેના આવા પસ્તાવાના સ્વાલો સાંભળ્યાં તેથી લીલીઆને ખાત્રી થઇ કે પ્રેમરાય સુધરી ગયો છે અને હવે પસ્તાવો બરાબર કરે છે તેવી તેને ખાત્રી થઈ એટલે તેને હૃદયમાં દયા ઉત્પન્ન થઇ તેથી તે શાન્તાના પીએર ગયો અને તેમના દેખતાં પોતે અડધું નાણું ધર્માદા કરી દીધું અને અડધું નાણું શાન્તાને પાછું આપ્યું. શાંન્તાના પીએરવાલા ઘરના પૈસાદાર હતાં તેથી તે નાંણું તેઓ એ લેવા ના પાડયું અને તેને ખુશીથી બક્ષીસ કર્યું અને " પ્રેમરાય " સુધર્યો તેથી તેનો ઉપકાર માનવા લાગ્યા, પ્રેમરાય પણ તેને કહેવા લાગ્યો કે તું નહોત તો મારી ખ્વારી થાત અને મારી આખી જીન્દગી રદ બાતલ થઇ જાય એવા એવા ઘણાં વચનો કીધા અને તેનો ભારે ઉપકાર માનવા લાગ્યો તેને નીમકહ-લાલ સમજી પોતાની પાસેજ રાખ્યો અને હમેશાં ખુશીથી આનંદ સાથે રહેવા લાગ્યાં આ બનાવ બન્યો હતો ત્યારથી પોતે એવો નીયમ કર્યો હતો કે હવેથી કોઇ દીવસ આ પ્રમાણે ખોટી દાનત કોઈ ચીજ ઉપર કરવી નહિં અને હંમેશાં નિયમમાં રહેવું તેવું તો ખાસ અંતઃકરણથી ધારવા લાગ્યો અને કોઇ વખત ખરાબ રસ્તે ચાલવું નહિં એમ ધારીને ચાલતો.

પ્રિય વાંચકો ! આ વાર્તાને ટુંકમાં સાર એ લેવાનો છે કે પ્રેમ-રાયની માફક કોઈ પણ મનુષ્યે કુબુદ્ધિ કરવી નહિ. તેમજ પર સ્ત્રી માટે કોઇ પણ વખત કોપના ઉપર બદદાનત કરવી નહિ. અને જેઓ વિચાર કર્યા વિના પ્રેમરાયની માફક ચાલે છે તેને ખોટું પરીણામ આવે છે. માટે ભવિષ્યનો આગળ વિચાર કરતા અને પ્રભુનો ડર નથી ધરાવતા તેની આ " પ્રેમરાય " ની માફક વલે થાય છે લીલીઓ જોકે " પ્રેમરાય " ના પૈસા ખાઇ ગયો હતો તો પણ તેનો

તેને ઉપકાર માનવા જેવું નહી અને રતન નીકળે તેનો ઘાટ બરાબર કર્યો હતો લીલીઆએ પોતાના શેઠની દીકરીને આ "પ્રેમરાય" ને ખોટા ધોપા કરતો હતો. પરંતુ પ્રેમમાં બનેલો તે સાચુજ માનતો હતો અને જ્યાં કહેતાં ત્યાં ખુશીથી જતો લીલીઆએ છેવટમાં તેને સુધારવાનો પ્રયત્ન એવી જુકતીથી રચ્યો હતો કે પોતે પોતાની મે-ળેજ સુધરી જાય. તેવો પ્રયત્ન બંરાબર રચ્યો હતો. તેથી તેનો મોટો તેનો પાડ માનવો જોઇએ ખેર પ્રેમના આવેશમાં અંધ બનાવી મુકીતો ખાઇ ગયો પણ છેવટે સુધારાની લાઇનનો રસ્તો યોજ્યો તેથી તેનો તેને ઉપકાર માનવો ઘટે છે. લીલાની નીષ્ટા પ્રેમરાયની મુડી ખાવા માટે બીલકુલ નહોતી પરંતુ બન્નેમાંથી એકકે જણને નુકશાન પ્હોંચે નહિ તેજ નીષ્ટા હતી. માટે વાંચક વૃન્દો "પ્રેમરાય" ની માફક અંધ બની કોઇએ કોઇ પણ ઉપર ખોટી નિષ્ટા રાખવી નહિ, અને તેવી નિષ્ટા જેઓ રાખે છે તેને પ્રભુ પ્રેમરાયની માફક પરીમાણ આવે છે.

માટે વાંચનાર તું "પ્રેમરાય" ની માફક વરતીશ નહિ, આ બરૂની ખરાબી કરીશ નહિ. પૈસાની ખરાબી કરીશ નહિ, અને કોઇના ફંદમાં લલચાઇ લપટાઇશ નહિ અને "પ્રેમરાય" ની માફક વર્તી ખ્વાર બનીશ નહિ અને વગર મોહોતે મોહોતના ફંદામાં ફસાઇશ નહિ. કામ કરતાં પહેલાં વિચાર કરજે નહિ પ્રેમરાયની માફક ખુવાર અને તેવી વર્તણુક વર્તતા અટકજે કે જેથી હંમેશાં આનંદ આનંદ વર્તાવશે.

સમાપ્ત.

સચિત્ર ત્રિકાળ–જ્ઞાન–દર્શક

અથવા

અદ્‌ભુત વિદ્યાઓનો મહાસાગર.

આ પુસ્તકમાં નીચેની ૧૪ વિદ્યાઓ આપેલી છે, પૃષ્ઠ સંખ્યા ૪૨૦ સોનેરી પાકું પુઠ્ઠું, ૧૩૮ પરિચ્છેદોમાં એકંદરે ૯૬૯ બાબતોની માહિતી અને ૧૦૯ ચિત્રો અથવા આકૃતિઓ આપેલી છે. આવો સંપૂર્ણ વિગતોથી ભરેલો ગ્રંથ હજીસુધી ગુજરાતી ભાષામાં બહાર પડયો નથી. **મૂલ્ય માત્ર રૂ. ૫.** વી. પી. થી મંગાવનારને એકંદરે રૂ. ૫–૯–૦ ખર્ચ થશે.

૧ માનસ વિદ્યા અથવા મેન્ટલ સાયન્સ. ત્વચા, આંખ, કાન, નાક, જીભ એ ઇંદ્રિયોની શકિતની માહિતી અને તેને કેળવવાની રીતો. **૨ આકર્ષણ વિદ્યા** અથવા પર્સનલ મેગ્નેટિઝમ. મનુષ્યમાં રહેલી આકર્ષણ શક્તિને કેળવવાની અને તેનો ઇચ્છા મુજબ ઉપયોગ કરી આ માણસનું આકર્ષણ તથા વશીકરણ કરવાની અનેક રીતો. આકર્ષણ શક્તિને પ્રસારવાની અને તેવી શકિતવાળા માણસના પંજામાંથી છૂટવાની રીતો. **(૩) મસ્તક વિદ્યા** અથવા ફ્રેનોલૉજી. માણસના મસ્તકની જુદી જુદી શકિત અને તેના માથા પર હાથ ફેરવીને જાણી લેવાની રીત. અનેક ચિત્રો અને સંપૂર્ણ સમજુતી સાથે. **(૪) માનસ સંદેશ વિદ્યા** અથવા મેંટલ ટેલીપાથી વિચારશક્તિ કેળવીને એક બીજા તરફ માનસિક સંદેશા કેવી રીતે મોકલી શકાય તે ચિત્રો સાથે સમજાવેલું છે. તર્કવાચન અથવા માઇંડ રીડીંગ અને મેન્ટલ ફોટોગ્રાફી પણ સારી રીતે સમજાવેલી છે.

(૫) મોહીની વિદ્યા અથવા મેસ્મેરીઝમ હાથ ઉતારા વડે માણસને મેસ્મેરીઝમની શક્તિથી ઉંઘાડવો, તેની કુટેવો સુધારવી, દર્દો મટાડવાં, તેની પાસે કાર્યો કરાવવાં, જુદી જુદી જાતના હાથ ઉતારા, પશુ-પક્ષી-મનુષ્ય સર્વને હીપ્નોટાઇઝ કરવાની સહેલી અને અસરકારક રીતો ચિત્રો સાથે આપી છે. **(૬) પ્રેતાવાહન વિદ્યા અથવા સ્પીરીચુએલીઝમ.** ભૂત પ્રેતને બોલાવવાની અને તેમની સાથે વાતો કરવાની અનેક રીતો, ભૂતોના ફોટોગ્રાફો, ભૂતોના ચમત્કારો બનવાનાં કારણ, ભૂતનો વળગાડ મટાડવાની રીતો. એ બધું સંક્ષેપમાં આપ્યું છે. **(૭) ત્રિકાળ દર્શન વિદ્યા** હઝરત, કાજળી, ત્રિકાળ દર્શન આપનાર ત્રિકાળદર્શી વીંટી, પ્લેંચેટ વગેરે બનાવવાની અને વાપરવાની રીતો. **(૮) મંત્ર વિદ્યા** મંત્રોમાં રહેલી શક્તિ, મંત્રોને આધીન દેવતા કેમ રહે છે, મંત્રકાર્યો સફળ થાય તે બતાવનારી રીતો અને મોહન, વશીકરણ, આકર્ષણ, મનઃકામનાની સિદ્ધિ, અનેક દુઃખ દર્દ મટાડવાં, સાપ-વીંછી ઉતારવા ઇત્યાદિના સેંકડો સંશોધન કરેલા મંત્રોનો મહાસાગર. **(૯) યંત્ર વિદ્યા** પંદરો, વીસો, શત્રુ પીડાનો, કષ્ટ નિવારણનો, પ્રેત કાઢવાનો, વશીકરણનો મંગળકારી, આધાશીશી મટાડવાનો ઇત્યાદિ અનેક યંત્રોને પ્રાચીન ગ્રંથોમાંથી પ્રાપ્ત કરીને છાપેલા છે. **(૧૦) તંત્ર વિદ્યા** ઇંદ્રજાળના ચમત્કારિક પ્રયોગો જેવાકે સ્ત્રીને વશ કરવાનો, મોહન, સંતાન, વશીકરણ આકર્ષણ સુવર્ણ બનાવવું, કોર્ટ કચેરીમાં જય મેળવવો, ભૂતબાધા નિવારણને અને શરીરના રોગો મટાડવાના અનેક તાંત્રિક પ્રયોગોનો સંગ્રહ. પ્રયોગો સહેલાઇથી ઘર આંગણે થઈ શકે તેવા છે. **(૧૧) સ્વપ્ન વિદ્યા** ભૂમિ, પાણી, સૂર્ય, જીવડાં, પશુ, પંખી, ધાતુઓ, દુધ દહીં, ધાન્યો ઇત્યાદિ અનેક પ્રકારનાં સ્વપ્નો આવે ત્યારે તેનાં

ફેવાં ફળ મળે તેની તથા અમંગળ સ્વપ્નના નિવારણની વિસ્તૃત માહિતી. (૧૨) **શકુન વિદ્યા**—અંગો ફરકવાં, કાકશબ્દ શકુન, ગરોળી–કાચીંડાના શકુન, છીંકના શકુન, જૈન શકુન વિદ્યા ઇત્યાદિનો સંગ્રહ. (૧૩) **હસ્તાક્ષર પરીક્ષણ વિદ્યા.** માણસના હસ્તાક્ષર પરથી તેની ચાસીયત જાણી લેવાની રીત. આમાં ગાંધીજી, કલાપી, મહારાણી વિક્ટોરીયા, સુરત ગોકુલજી ઝાલા, ટોલસટોય, ઇલીઝાબેથ, નાનાલાલ કવિ વગેરે જાણીતા સ્ત્રી પુરૂષોના હસ્તાક્ષરના સંખ્યાબંધ નમૂના આપ્યા છે. (૧૪) **કોકશાસ્ત્ર અથવા રતિવિદ્યા** સ્ત્રી પુરૂષોનાં અવયવો વગેરે ઉપરથી તેમની જાતિની ઓળખાણ સ્ત્રી સમાગમના પ્રકારો, આસનો, મરજી પ્રમાણેનાં બાળક, ગુપ્ત દર્દો તથા તેના ઉપાયો, નપુંસકતાના પ્રકાર તથા ઉપાયો, વંધ્યત્વનાં દર્દો અને ઉપાયો, વીર્યવૃદ્ધિના ઉપાયો વગેરેનો મોટો સંગ્રહ. [આ પુસ્તકની માત્ર ગણીગાંઠી નકલો સીલીકે છે.]

સચિત્ર પ્રેતાત્મ વિદ્યા

અથવા

ભૂત–પિશાચનું આવાહન.

(૩૭૦ પૃષ્ઠ, ૩૦ પ્રકરણ, ૩૪૮ બાબતો, ૨૫ ચિત્રો, સોનેરી પૂઠું)

ગુજરાતી ભાષામાં પ્રેતાત્મ વિદ્યા કે પ્રેતાવાહન વિદ્યા વિષેનું આવું ઉત્તમ પુસ્તક આ પહેલવહેલુંજ છે. ભુત–પ્રેત છે કે નહિ,

તેમને બોલાવી શકાય કે નહિ, તેઓ દર્શન આપે કે નહિ, તેઓ આપણી સાથે વાત કરે કે નહિ, તે બીવરાવે કે આપણાં કામ કરી આપે. મલિન ભૂત—પ્રેત વળગે ખરું કે નહિ, ભૂતો કેવા ચમત્કારો કેવી રીતે કરે છે, વળગાડ દૂર કરવાના ઉપાયો કેવા હોય, એ બધા સવાલોના જવાબો તમને આ પુસ્તકમાં વિસ્તારથી મળશે; ટૂંકમાં જૂદાજૂદા પ્રકારના મનુષ્યના મૃત્યુથી માંડીને તેનો પુનર્જન્મ થતાં સુધીની તેની વિવિધ પરિસ્થિતિ તેમના પ્રેતાત્માનું આવાહન કરવાની જૂદીજૂદી રીતો, આવાહનની શક્તિ કેળવવાની રીતો, ભૂતોને વાસનામાંથી મુક્ત કરવાની તેમજ તેમના વળગાડને દૂર કરવાની રીતો, તે માટેના મંત્ર—યંત્ર, ભૂતને શીશીમાં ઉતારવાની રીત, વળગાડને દળી દેવાની રીત, ભૂતોના પરલોકના અનુભવની કથનીઓ, ભૂતોના સાચા ફોટોગ્રાફ ભૂતોના ચમત્કારોના વૃત્તાંતો, ભૂત પ્રેતની સ્થિતિ ઉપરથી લોકોએ લેવો જોઇતો બોધ, બનાવટી ચમત્કારોને પિછાણવાની રીત, ઢોંગી ભુવા અને ધુણનારાઓને પકડવાની રીત એવી ઘણી બાબતો આ પુસ્તકમાંથી મળશે. એક પુસ્તક ઘરમાં રાખવાથી અનેક પ્રસંગી ઉપયોગી મદદકાર થઇ પડશે.

મૂલ્ય રૂ. ૪ પોસ્ટેજ ૮ આના.

મળવાનું ઠેકાણું—

બુકસેલર મંગળદાસ ભોળારામ શાહ.

રીચીરોડ—અમદાવાદ

દંશ અથવા ચાંદી, ઉપદંશની બીજી સ્થિતિ તથા શરીરપર તેની અસર ગળાને સોજો, ઉપદંશને લીધે થતા. હાડકાના દરદો, બદ, મુત્રરોગ, બહુમુત્ર, મધુ પ્રમેહ. અંતરગળ; નપુશકત્વ, પુરૂષના ઉત્પતિ અવયવ, રૂતુશ્રાવમાં ઉત્પન્ન થતી અડચણો. રૂતુશ્રાવનું અટકી જવું, ધાતુક્ષય, ગર્ભસ્થાનનું ખશી પડવું, હિસ્ટીરીયા અથવા ચિત્તભ્રમ, સ્ત્રીના ઉત્પત્તિ અવયવ, મૂત્રગાંઠ ઉપાય, વીર્યસ્તંભનના ઉપાય વિગેરે વિગેરે ઘણી બાબતોનો આમાં સંપૂર્ણ સમાસ હોવાથી ઘણું ઉપયોગી છે છેવટે કામ સજીવનની અર્થાત પંડીત કામનાથ (કાકા)નું જીવનચરિત્ર આપવામાં આવેલું છે. આ પુસ્તકની થોડાજ વખતમાં પ્રથમ આવૃતી ખલાસ થવાથી આ તેની બીજી આવૃતી બહાર પાડવામાં આવી છે અને તેની પણ સંખ્યાબંધ નકલો ખપી ગઇ પાકું પુઠું ગ્લેજ કાગળ કિંમત ૩॥ રૂ. પોસ્ટેજ ૪ આના.

શિવપુરાણ.

રાગરાગણીમાં કવિ દુર્ગાશંકર કૃત ગ્રંથમાં બ્રહ્મ ઉત્પતિ, બ્રહ્મા વિષ્ણુનો સંવાદ, બ્રહ્મા વિષ્ણુ ઉપર શિવ પ્રસન્ન થયા. દક્ષનો યજ્ઞારંભ, દક્ષ કથા વર્ણન, શિવપુજા વર્ણન, તારકાસુરે તપ કર્યું, શિવે કામદગ્ધ કર્યો, રતિવિલાપ, પાર્વતીએ તપ કર્યું. પાર્વતી ઉપર શિવ પ્રસન્ન થયા, શિવવિવાહ, હીમાચલને ત્યાં શિવ જાન લઇને આવ્યા, શિવસ્વરૂપ દર્શન, મેનાનો શોક, મેનાને વિષ્ણુએ ઉપદેશ કર્યો, શંકરના સ્વરૂપનું વર્ણન, પાર્વતીના સ્વરૂપનું વર્ણન, હિમાચલે શિવને પહેરામણી આપી, પાર્વતી સહિત શિવ કૈલાસ આવ્યા, કાર્તિક સ્વામીની ઉત્પત્તિ ? અને તારકાસુરનો વધ, તારકાસુરના

ત્રણે પુત્રોનું તપ, મુંડી દૈત્ય વનમાં ગયો, મુંડીએ કરેલ વેદ ધર્મ શિવપુજાનો નાશ, ત્રિપુરાસુર પ્રતિ શિવનું યુદ્ધ, કમળાક્ષ અને કાંસનો સંવાદ, કેકર અને માલતીનો સંવાદ, ત્રિપુરાસુરના સૈન્યનું વર્ણન, શીવ વિષ્યુનમાળી સંવાદ, વિષ્ણુ કમળાક્ષ વર્ણન, કેકર ઇંદ્રસંગ્રામ, વિષ્ણુ અને કમળાક્ષનું યુદ્ધ, વિષ્ણુમકળા વર્ણત શિવે ત્રિપુરાસુરનો વધ કર્યો; ત્રિપુરાસુરની સ્ત્રીયે કરેલું રૂદન, લિગ ઉત્પત્તિ નિરગુણની ઉપાસના, શિવની ત્રિશુળ પુજાવિધિ વર્ણન, કેતકીને શ્રાપ, ચંપાને શ્રાપ, ગણેશ ઉત્પત્તિ બટુકનું યુદ્ધ, શિવે બટુકને હણ્યો, પાર્વતીનો વિલાપ, શિવે ગણેશને સજીવન કર્યો, ગણેશ લગ્ન, નંદીકેશ્વરમહિમા, સાધવિમહિમા, અચળેશ્વરમહિમા વિપ્રના શ્રાપનું વર્ણન, અરજુનનું તપ, પાર્થિવ પુજા, શિવરાત્રી મહિમા. રૂદ્રાક્ષમહાત્મ, વ્રતમહિમા આદિ ઘણો રસિક રસિક કથા ભાગ આ પુસ્તકમાં ઘણીજ સરળ ભાષામાં વર્ણવવામાં આવ્યો છે. ત્રણ સુંદર શુશોભીત રંગીન ચિત્રો દાખલ કરવામાં આવ્યા છે. પાકું રૂપેરી પુઠું છે. કિંમત રૂ. ૪।। પોસ્ટેજ માફ.

મળવાનું ઠેકાણું-

મંગલદાસ જોઈતારામ બુકસેલર

રીચીરોડ-**અમદાવાદ.**

ઓઈલ એન્જીન અને પમ્પ્સ.

આ પુસ્તક ખેતીવાડીને પાણી આપવાના પંપો, અનાજ દળવાની ઘંટીઓ, તેલની ઘાણીઓ, ડાંગર ખાંડવાના યંત્રો વીગેરે ધંધાદારોને પણ ઉપયોગી છે, આમાં એન્જીનની જુદી જુદી જાતો, બળતણ

તરીકે વપરાતાં તેલ, ભારે તેલ. વચલા ગાળાના તેલ ફ્યુએલ ઓઇલ એન્જીનોમાં શા માટે વપરાય છે. વિશિષ્ટ ગુરૂત્વ, વજન ઉપરથી કદની ગણત્રી, ફ્લેશ, ઇગ્નીશન અને બોઇલીંગ પોઇન્ટ, પાઇપ અને છિદ્રો ઉપર જાળી બેસાડવી, બ્રીટીશ થર્મલયુનીટ, એન્જીનમાં વપરાતી ગરમી અને ઉપયોગમાં આવતી ગરમીનું પ્રમાણ, તેલને બળવા જોઇતી હવા, હવા અને બાસ્પનું સળગતું, પ્રવાહી બળતણ ઉપર ઉષ્ણમાનની અસર, બાસ્પનું પસરણ પામવું, ઓઇલ એન્જીનના મુખ્ય સિદ્ધાન્તો ઇન્ટર્નલ કમ્બશન એન્જીન, સ્ટી એન્જીન. ચાર સાયકલ એન્જીન, બે સાયકલ એન્જીન, ચાર અને બે સાયકલ એન્જીન વચ્ચેનો તફાવત ગ્નીશન સાથે કોમ્પ્રેશન પ્રેસરનો સંબંધ ડીઝલનો સિદ્ધાંત, આપો આપ ઇગ્નીશન થવું, ટયુબ ઇગ્નીસન, ઇલેકટ્રીક ઇગ્નીશન, લોટેનશન મેગ્નેટો, મેગ્નેટોની સંભાળ પાણી કાઢવાની યોજનાઓ, કોસથી પાણી કાઢવાનો થતો ખર્ચ, પમ્પથી પાણી કાઢવાનો થતો ખર્ચ, સ્ટીમ અને ઓઇલ એન્જીનોના વાપરની સરખામણી, ઓઇલ એન્જીન અને પંમ્પ પાછળ ચાલુમાં કરવો પડતો ખર્ચ, કેટલી શકિતવાળા પંમ્પો વાપરવા ફાયદા કારક છે; ડીપવેલ (ઉંડા કુવા) પંમ્પ ચલાવવા જોઇતા હોર્સ પાવર અને તેમના સ્ટ્રોકની હદ, પંપના શકસનની હદ, ફુટના પંમ્પો સ્ટોનર બેસાડવા, ઓઇલ એન્જીનો, પમ્પની હદ અને કિમતો વીગેરે ઘણી ઉપયોગી માહેતીથી ભરપુર છે પાકુંપુંઠું કી. ૨ રૂ. પોસ્ટેજ ૬ આના જુદા

મળવાનું ઠેકાણું:-મંગળદાસ જોઇતારામ-બુકસેલર

રીચીરોડ-અમદાવાદ.